
॥ સ્વામિશ્રીજી ॥


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

એપ્રિલ ૨૦૨૨ * વર્ષ ૩૭ * અંક ૧




Anoopam Mission


પ્રભુના પ્રાગટ્યને માણીએ...
ચાલો,
'સાહેબ' પ્રગટાવીએ !

**એપ્રિલ** માસની ૧૦મી તારીખ, અને ભારતીય તિથિ ગણનાનુસાર ચૈત્ર માસના શુક્લ પક્ષની નવમી આપણા સ્વામિનારાયણ સત્સંગના શ્રદ્ધાળુ અનુયાયીઓ માટે આપણા જીવનઉત્સવોનો તથા આ પૃથ્વીના મહાનતમ્ માંગલ્યનો પવિત્રતમ્ ઉમંગ-આનંદનો દિવસ ! વિક્રમ સંવત ૧૮૩૭, ઇ.સ. ૧૭૮૧માં અવધ પ્રદેશના છપૈયા ગામમાં શ્રી હરિ, શ્રી કૃષ્ણ અને શ્રી હરિકૃષ્ણરૂપે મનુષ્યદેહ ધારી સ્વયં પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ નારાયણના દિવ્ય તત્ત્વએ આ પૃથ્વીને અને સવિશેષ ગૌરવશાળી ભારતવર્ષના તીર્થત્વને પોતાની અસીમ કૃપાશિષ દ્વારા પવિત્રતમ્ બનાવ્યું !

ભારત તો પુણ્યભૂમિ ! શ્રી હરિના પ્રાગટ્ય પૂર્વે પણ અનેક દિવ્ય અવતારો, સંતો અને દિવ્યાત્માઓની જન્મ ને કર્મભૂમિ ! આપણને આ પુણ્યભૂમિ પર સંસ્કારસંપન્ન માતા-પિતાને ત્યાં મનુષ્યજન્મ પ્રાપ્ત થયો અને આપણે સર્વાંગે યોગ-ક્ષેમની સ્વસ્થતા ને સુખ ભોગવીએ છીએ, આ હકીકત જ એ વાતનું પ્રમાણ છે કે, આપણા અનેક જન્મોનાં પુણ્યકર્મોનાં ફળ આપણને પ્રભુકૃપાએ આ જન્મે પ્રાપ્ત થઈ રહ્યાં છે. અને, તેથી જ, સંતોએ માનવ અવતારનો મોટો મહિમા ગાયો છે.

આ પૃથ્વી પર પ્રભુ શ્રી હરિના પ્રાગટ્ય દિવસનો મહિમા ને માહાત્મ્ય તો અપાર છે ! પ્રભુના પ્રાગટ્યની એ દિવ્ય ઘડીથી શ્રીહરિની અનંત લીલાઓ, દિવ્ય મહાપ્રદાનો, અનુપમ સર્જનો અને અક્ષરાતીત શુદ્ધ ઉપાસના જ્ઞાન-દર્શનની એ ગાથા; આ પૃથ્વીનાં સર્વ જીવ-પ્રાણીમાત્રના કલ્યાણની ગાથા છે. માટે શ્રી હરિ નોમ - ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યમંગલ દિન, આપણા સૌના જીવનનો સર્વોપરી ઉત્સવ છે.

છતાં, હું કહીશ કે એ મહાદિવ્ય દિવસ - જ્યારે પ્રભુ શ્રી સહજાનંદ સ્વામી મહારાજે આ પૃથ્વી પર મનુષ્યદેહને ધારણ કરી પોતાના તત્ત્વને ગુણાતીત સાધુ રૂપે અખંડ શાશ્વતકાળ પર્યંત પ્રગટ રાખશે એવાં અભૂતપૂર્વ પરમ અભય વચનાશિષ આપ્યાં - એ દિવસ આ પૃથ્વી ઉપર મનુષ્ય મુમુક્ષુઓની અપ્રતિમ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો દ્યોતક દિવસ હતો.

આપણી શ્રદ્ધા જીવંત અને મહાતેજોમયી અનુભૂતિઓ રૂપે આપણને પ્રભુના પ્રગટપણાના દરરોજ સાક્ષાત્કાર કરાવી રહી છે ; આપણા જીવનને અને સાધનાને સરળ, આનંદસભર અને જીવંત ઊર્ધ્વયાત્રા બનાવી રહી છે !

આ પૃથ્વીના ધરાતલ પર કેવળ અનાયાસ પ્રભુની અપાર કૃપાના ફળસ્વરૂપે સ્વયં શ્રીજી મહારાજ - પરાત્પર પૂર્ણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના અક્ષરાતીત તત્ત્વએ આ પૃથ્વી પર માનવરૂપે ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ રહેવાના આપેલાં અભય વરદાન એ આ પૃથ્વીના અસ્તિત્વના ઇતિહાસની મહાદિવ્ય આધ્યાત્મિક ઘટના હતી ! આ અભૂતપૂર્વ દિવ્ય વરદાનના તાત્પર્યરૂપે આપણે અક્ષર અને પુરુષોત્તમના યુગલ અદ્વૈત તત્ત્વના સાંગોપાંગ ધારક અનેક ગુણાતીત સત્પુરુષોનાં સાંનિધ્ય, સેવા, સમાગમ ને સત્સંગ પામ્યા; આજે પણ પામી રહ્યા છીએ - ગુરુહરિ સંતભગવંત સાહેબજી સ્વરૂપે !

તેથી, ૧૦મી એપ્રિલ કે ચૈત્ર સુદી નવમી એ કોઈ એક જ વિશેષ દિવસનો ઉત્સવ નથી; એ તો સાધકના જીવનની પ્રતિપળે ઉજવાતો અખંડ શાશ્વત ઉત્સવ છે - જ્યાં એક સાધક શ્રીજી મહારાજના વરદાનના સાકારરૂપ અક્ષર-પુરુષોત્તમના અદ્વૈત તત્ત્વને સંતભગવંત સાહેબજી રૂપે પોતાના અંતરાત્મામાં અનુભવે છે, અને જીવનની પ્રતિ ક્ષણ જીવ-પ્રાણીમાત્રમાં પ્રેરક-પ્રવર્તકરૂપે તેમના પ્રાગટ્યની લીલાના ઉત્સવ ઊજવે છે !


પ્રભુ સદાય પ્રગટ છે તેનો અર્થ એ થાય કે, આપણા જીવનની ગમતી-અણગમતી ઘટમાળને જો આપણે સાકાર અને પ્રગટ પ્રભુની લીલાઓના ઉત્સવ રૂપે જોઈ, જાણી, સ્વીકારી અને માણી શકીએ, તો પ્રભુની સર્વોપરિતા અને આશરાનો દૃઢ સ્વીકાર થતાં, આપણા જીવનના ઉદ્વેગ શમી જાય, સહુ સદા ય નિર્દોષ મનાય અને સર્વત્ર સૌમાં બિરાજતા પ્રભુની સ્વધર્મેયુક્ત ગુરુવચને માહાત્મ્યસભર સેવાના ઉમંગ આનંદ અનુભવાય !

તો, આ હરિનોમના ઉત્સવે ઉપવાસનાં તપફળ, કીર્તન-ભક્તિનાં જપબળ અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આત્મબળના સંયોગ-સમન્વયે ચાલો, સર્વત્ર સદૈવ પ્રભુના પ્રાગટ્યને માણીએ, ચાલો, 'સાહેબ' પ્રગટાવીએ ! ◆

~ સાધુ મનોજદાસજી

# રંગોત્સવે ભક્તિરંગનો મહિમાસભર ઉમંગ !

## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની ૧૯૪મી પ્રાગટ્યજયંતી અને સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યદિનના આનંદની ઉજવણી !







**સાધુતાના** કસબના કસબી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૪મા પ્રાગટ્યમંગલ અને આનંદબ્રહ્મના પ્રગટ સ્વરૂપ, પ્રેમમૂર્તિ સંતભગવંત સાહેબજીના ૮૩મા મંગલપ્રદ પ્રાગટ્યદિનની ભક્તિસંપન્ન ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૧૮ માર્ચ ૨૦૨૨ના રોજ સંપન્ન થઈ. આ નિમિત્તે સંતોનાં માર્ગદર્શને યુવા સ્વયંસેવકોએ બ્રહ્મજ્યોતિ પરિસરને રંગ-રોશનીના સંયોજનથી અદ્‌ભુત રીતે સજાવ્યું. મંદિરજીની શોભા પણ નિરાલી હતી ! આ પ્રસંગમાં સંમિલિત થવા દૂર-સુદૂરથી મોટી સંખ્યામાં પધારેલ સંતો-અક્ષરમુક્તો સૌને અનુપમ આનંદની અનુભૂતિ થઈ. જેઓ પધારી શક્યા નહોતા તેઓએ ડિજિટલ માધ્યમથી સમગ્ર ઉત્સવને માણી ધન્યતા અનુભવી. ૧૮ માર્ચના રોજ સવારે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના પ્રાગટ્યદિન નિમિત્તે ‘વર્ણીકુંજ’માં માહાત્મ્યદર્શન સભા યોજાઈ અને સાંજે મંદિરજીના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની માહાત્મ્યદર્શન સભા સંપન્ન થઈ.

## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ માહાત્મ્યદર્શન સભા

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ માહાત્મ્યદર્શન સભામાં સર્વે ઇષ્ટ સ્વરૂપોની મૂર્તિઓનાં પૂજન સાધુ પૂ. હરસુખદાસજીએ કર્યાં. આદર્શ અક્ષરમુક્ત ધનજીમામાએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની મૂર્તિને પુષ્પહાર અર્પણ કરી માહાત્મ્યવંદના ધરી. સાધુ પૂ. અરવિંદદાસ (યુ.એસ.એ.) અને સાધુ પૂ. ઉત્પલદાસે સંતભગવંત સાહેબજીને પુષ્પહાર અને સદ્‌ગુરુ સંતોને પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવવંદના અર્પણ કરી. યુવાન સાધુ પૂ. સરજુદાસે પ્રાસંગિક મહિમા પ્રવચનમાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં અનુપમ જીવન પ્રસંગો અને પ્રેરણાદાયી દૃષ્ટાંતો વ્યક્ત કર્યાં. ત્યારબાદ યુવાગૃહસ્થ ચેતનભાઈ વ્યાસે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ગ્રંથસ્થ મહિમાને પ્રગટ કરી માર્મિક સિદ્ધાંતને વર્ણવ્યો. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની જીવનભાવના અને ગુણાતીત સંદેશને માનવજીવનના સહજ આચરણમાં લાવી શકાય તે માટેની સમજણ સાધુ પૂ. દિવ્યેશદાસે પ્રદાન કરી.

યોગી ડિવાઈન સોસાયટી, પવઈથી પધારેલ પૂ. ભરતભાઈએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં ગુણાનુગાન દ્વારા સૌને દિવ્ય માહાત્મ્યમાં રસતરબોળ કર્યાં. તેઓના દિવ્ય ઉપદેશને રોજિંદા આચરણમાં લાવવાનાં બહુમૂલ્ય માર્ગદર્શન આપી પૂ. ભરતભાઈએ સંતભગવંત સાહેબજીના દિવ્ય સ્વરૂપનાં પણ મહિમાદર્શન કરાવ્યાં. નવસારી વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય શ્રીમાન પીયૂષભાઈ દેસાઈએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સંતભગવંત સાહેબજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.





બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીને પુષ્પમાળ સ્વરૂપી ભાવવંદના !



સાધુ પૂ. સરજુદાસ



ચેતનભાઈ વ્યાસ



સાધુ પૂ. દિવ્યેશદાસ



પીયૂષભાઈ દેસાઈ (ધારાસભ્ય)

અનુપમ સૂરવૃંદના ભક્તોએ 'માંગો માંગો ભગતજી આજ' કીર્તન ગુંજાવ્યું અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના અક્ષરમૂર્તિ ગુરુ ગુણાતીતાનંદ સ્વામી સાથેના સંવાદને વર્ણવી માર્મિક સંદેશ પ્રસરાવ્યો. સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસે આ ઉત્સવના આનંદને વ્યક્ત કરી ઘણા લાંબા સમય બાદ એક સાથે સૌનાં દર્શન પામવાના ઉમંગને છતો કર્યો. બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં ઉપદેશામૃતને સમજાવી, દઢાવી તેઓએ અનુપમ લાભ પ્રદાન કર્યો. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ 'માંગો માંગો ભગતજી આજ' કીર્તનના ભાવને સમજાવી સૌ ગુણાતીતભાવને પામવાના માર્ગે દઢતાપૂર્વક વધી શકે તે માટે માર્ગદર્શન પ્રદાન કરી 'પ્રભુસંબંધીમાં પ્રભુનાં દર્શન', 'ગુરુવચને દેહ ને મન કુરબાન', 'પ્રવૃત્તિ છતાં નિવૃત્તિ'ના મર્મને સમજાવી અનુપમ આશિષ પ્રદાન કરી.



આશીર્દાન : પૂ. ભરતભાઈ

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા કે, "માનવ હર પળ સુખની શોધમાં મંડ્યો છે. એ સુખના શોધની પૂર્ણાહુતિ ભગતજી મહારાજે કરાવી. એ પૂર્ણાહુતિ એટલે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના! તેઓ પછી આ ઉપાસનાની સમજણ અને ઉપાસના વહેતી રાખી શકે તેવા શાસ્ત્રીજી મહારાજની ભેટ આપી ભગતજી મહારાજે આપણા પર અનન્ય કૃપા કરી ! ભગતજીએ આપણને દાસત્વભક્તિ શિખવાડી. દાસત્વભક્તિથી પ્રભુ અને ગુરુ પ્રસન્ન થાય છે. ભગવાન અને ભગવાનના ભક્તોનાં ગુણગાન અને મહિમા ગાવાથી પ્રભુ અને ગુરુ રાજી થાય. જો ઉપાસના જીવનમાં હોય તો આવી પ્રસન્નતા પ્રાપ્ત થાય; તે ભગતજી મહારાજે શિખવાડ્યું. સારનો સાર છે કે, ભગતજી જેવા ભગવાનને ધારક સાધુમાં જોડાયા વગર પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય નહીં. ભગવાનધારક સાધુ સાથે જોડાવાથી નિર્ગુણભાવ અને નિષ્કામભાવને પમાય ! એવું જીવન જીવીને ભગતજી મહારાજે બતાવ્યું કે, પ્રભુ અને ગુરુની સ્મૃતિ ને અનુસંધાન રાખીને જીવન જીવવાથી, હરેક ક્રિયા કરવાથી સુખ સહજમાં પ્રાપ્ત થાય !"



આશીર્દાન : સદ્‌ગુરુ પૂ. મનોજદાસ

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના દિવ્ય માહાત્મ્યમાં ઝબોળાઈને સૌએ આધ્યાત્મિક સુબોધ પ્રાપ્ત કર્યો, તેના આનંદભાવ સાથે સૌ વિસર્જિત થયાં અને પુનઃ સાંજે નૂતન મંદિરજીના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યદિનની ઉજવણીમાં સંમિલિત થયાં.



આશીર્દાન : સદ્‌ગુરુ પૂ. શાંતિદાદા






# સંતભગવંત સાહેબજી માહાત્મ્યદર્શન સભા

**મંદિરજીનું** પ્રાંગણ ભવ્ય અને દિવ્ય શોભાથી શોભાયમાન હતું. રોશનીનો ઝગમગાટ અતિ સુંદર હતો. ધજાઓ, તોરણો, પુષ્પોના રંગો સૌનું મન આકર્ષી રહ્યાં હતાં. સર્વ પ્રથમ વખત મંદિરજીના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ઉજવણી થઈ રહી હતી તેનો સૌ સંતો અને ભક્તોના હૈયે અનેરો ઉમંગ હતો. સંતભગવંત સાહેબજીના આસનની પાર્શ્વભૂમાં મંદિરજીનાં દર્શન અતિ રમણીય હતાં ! ધુળેટીના મહામંગલકારી દિવસે સંતભગવંત સાહેબજીના પ્રાગટ્ય ઉમંગને વધાવતા સૌ સેવકોએ અનેરી ભક્તિ અદા કરી. આ નિમિત્તે જે માહાત્મ્યદર્શન સભા યોજાઈ તેના આરંભે સંતભગવંત સાહેબજી સૌના ભાવ ઝીલતા રંગબેરંગી રથમાં પધાર્યા અને તેઓનાં ભવ્ય સ્વાગત કરાયાં.

આ પુણ્યવંતા પ્રસંગે હરિધામ-સોખડાથી પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને સંતો, સમઢિયાળાથી પૂ. નિર્મળ સ્વામીજી અને સંતો, સાંકરદાથી પૂ. બાપુ સ્વામી, પૂ. વિજ્ઞાન સ્વામી અને સંતો, યોગી ડિવાઇન સોસાયટી-પવઈથી પૂ. ભરતભાઈ-પૂ. વશીભાઈ અને સંતો-ભક્તો, ગુણાતીત જ્યોતમાંથી પૂ. હંસાદીદી, પૂ. જશુબહેન અને સંત બહેનો, ભક્તિઆશ્રમ-સોખડાનાં સંત બહેનો આદિ સ્વરૂપો-સંતોની દિવ્ય ઉપસ્થિતિ પ્રાપ્ત થઈ. ખૂબ મોટી સંખ્યામાં અક્ષરમુક્તો પણ પધાર્યા અને સેવા-ભક્તિની મહેક પ્રસરાવી.

સાધુ પૂ. પીટરદાસે સભાસંચાલન કરતાં સંતભગવંત સાહેબજીનાં જીવન અને કાર્યની અદ્‌ભુત ઝાંખી કરાવી. અનુપમ મિશનના સૌ સંતો-અક્ષરમુક્તો વતીથી સાધુ પૂ. રમેશદાસજી અને સાધુ પૂ. રાજુદાસજીએ શ્રી ઠાકોરજી મહારાજ અને સંતભગવંત સાહેબજી સહિત મંચસ્થ સૌ સ્વરૂપોનાં પૂજન તથા પુષ્પાર્પણ કરી સ્વાગત-અભિવાદન કર્યાં. મુંબઈના હેતનભાઈ પટેલે સંતભગવંત સાહેબજી સાથેનાં પોતાનાં સંસ્મરણો વર્ણવી સાહેબજીની ભક્તો પ્રત્યેની નિસબત, તેઓ દ્વારા અપાતો દિવ્ય પ્રેમ અને તેઓની આધ્યાત્મિક ઊંચાઈની અનુભૂતિ કરાવી.

અમદાવાદના યુવાનેતા દિવ્યાંગભાઈએ સ્વાનુભવોનાં વર્ણન કરી સંતભગવંત સાહેબજીની હરિ દેવાની, મુક્તોના જીવમાં વસી જવાની ન્યારી રીતનાં વર્ણન કર્યાં. નિરપેક્ષ પ્રેમના દાતા, સ્નેહથી નીતરતા, યોગીસંકલ્પને ક્રાંતિ બનાવી ભગવું હૃદય કરી જીવતા સંતભગવંત સાહેબજીના અનુપમ માહાત્મ્યને અમેરિકાથી ખાસ આ પ્રસંગને માણવા પધારેલ પ્રૉ. ચંદ્રકાંતભાઈએ વર્ણવ્યું.

સંતભગવંત સાહેબજીની પ્રત્યેક ક્રિયા અને કર્મ મંગલકારી, કલ્યાણકારી છે. સંતભગવંત સાહેબજી ઈતિહાસ સર્જી રહ્યા છે; તેમ જણાવી પૂ. વશીભાઈએ સંતભગવંત સાહેબજી દ્વારા થયેલ બેનમૂન ઈતિહાસ સર્જનનાં કાર્યોની ઝાંખી કરાવી માહાત્મ્યવંદના ધરી.


પૂ. નિર્મળ સ્વામીજીએ લાક્ષણિક જોશસભર શૈલીમાં સંતભગવંત સાહેબજીના મહિમાનું ગાન કર્યું અને સર્વત્ર શાંતિ અને સુખાકારી પ્રવર્તે તે માટે આશિષયાચના કરી. યોગીજી મહારાજ સાથેના સંતભગવંત સાહેબજીના ગુરુભક્તિસભર પ્રસંગોને વર્ણવી તેઓએ અપરંપાર ગુણગાન ગાયાં.

પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ સંતભગવંત સાહેબજીના નિર્મળ, નિર્દોષ, નિરપેક્ષ, નિઃસ્વાર્થ પ્રેમની તેઓને થયેલી અનુભૂતિ અને પ્રસંગોને વર્ણવી આશિષયાચના કરી. સંતભગવંત સાહેબજીની ગોદમાં ઊછરવા મળ્યું તેને સદ્ભાગ્ય ગણાવી તેઓએ કહ્યું કે, “સંતભગવંત સાહેબજી એટલે નિરંતર નિતાંત પ્રેમ અને આનંદનું સ્વરૂપ ! સાહેબજી એટલે યોગીજીના વારસદાર !”

સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ પોતાના જીવન-અનુભવોની સ્મૃતિ કરતાં સંતભગવંત સાહેબજીએ વરસાવેલા અસ્ખલિત પ્રેમનું વર્ણન કર્યું. ગુરુદેવ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પપ્પાજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી, બ્રહ્મસ્વરૂપ સોનાબાએ દૃઢ કરાવેલ સંતભગવંત સાહેબજીના મહિમાની સ્મૃતિ કરી, તેની ધન્યતા દર્શાવી વંદના ધરી. સંતભગવંત સાહેબજીના ઉદાર જીવનનાં અદ્ભુત દર્શન તેઓએ કરાવ્યાં.




હૃદય અધિરાજ સંતભગવંત સાહેબજીનાં સ્વાગત



ગુણાતીત જ્યોતનાં વરિષ્ઠ સંત પૂજ્ય હંસાદીદીને વંદન



અનુપમ મિશનના સંતો-અક્ષરમુક્તો વતી સાહેબજીને ભાવવંદના અર્પણ



પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી સાથે સ્નેહમિલન



સંતભગવંત સાહેબજીના દિવ્ય આશીર્વાદની વર્ષા


'ભક્તિ સૂરાવલિ' નૂતન કીર્તન આલ્બમનાં મુક્તાર્પણ

આ પ્રસંગે અમેરિકાનિવાસી ધર્મેન્દ્રભાઈએ ગાયેલ કીર્તનોનું આલ્બમ 'ભક્તિ સૂરાવલિ'નાં મુક્તાર્પણ ઊર્મિલભાઈએ કર્યાં. વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, મહાનુભાવો અને અક્ષરમુક્તોએ પુષ્પહાર, કલગી, શુભેચ્છાપત્ર, સ્મૃતિભેટ આદિ દ્વારા સાહેબજીને હૃદયભાવના અર્પણ કરી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદની હેલી વરસાવી સૌને પ્રેમરંગે રંગી દેતાં જણાવ્યું કે, "ભગવાન સર્વોપરી, સર્વ કર્તા-હર્તા, સાકાર અને પ્રગટ ગુણાતીત સંત દ્વારા મળ્યા. તેવા સંત સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરી, મન-કર્મ-વચને ભક્તોની માહાત્મ્યસભર સેવા કરીએ તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય ને જીવન ધન્ય થઈ જાય !" સર્વ ગુણાતીત સ્વરૂપોની સ્મૃતિ કરી તેઓના શ્રીચરણોમાં પ્રાર્થના ધરી કે, "અમે સંપ, સુહૃદભાવ ને એકતા રાખી, હળીમળી-એકમના થઈને આપના કાર્યને વહેતું રાખી શકીએ, આપની સુવાસ પ્રસરાવી શકીએ, શુદ્ધ ઉપાસના અનુસાર જીવી સૌ સ્વરૂપોનાં માહાત્મ્યનો ડંકો વગાડી શકીએ તેવી આશિષ દેજો !" સંતભગવંત સાહેબજીના દાસત્વસભર


આશીર્દાન : સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા


આશીર્દાન : સ્વામીશ્રી પૂજ્ય પ્રેમસ્વરૂપ દાસજી


આશીર્દાન : સ્વામીશ્રી પૂજ્ય નિર્મળજીવન દાસજી



સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વનો આનંદ ભવ્ય આતશબાજી સ્વરૂપે



શ્રી ઠાકોરજી મહારાજને આરતી અર્પણ

માર્મિક ઉદ્‌બોધનને ઝીલી સૌએ મનોમન વંદના ધરી અને તે અનુસાર જીવન જીવવા સંકલ્પ કર્યા ! સંતભગવંત સાહેબજીના નિરામય શતાયુ માટે સૌએ મનોમન પ્રભુને પ્રાર્થનાઓ ધરી.

શયન આરતીનો સમય થયો એટલે સૌ તેમાં જોડાયાં. મંદિરના પ્રાંગણમાં સંતો-સ્વરૂપો સાથે બિરાજીને આ દિવ્ય પળની અનુભૂતિ કરવાનો આનંદ અકલ્પ્ય હતો. આરતી બાદ સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વનો આનંદ આતશબાજી સ્વરૂપે શંકરભાઈ-આશિષભાઈ ને પરિવારના સૌજન્યથી પ્રસ્તુત કરવામાં આવ્યો. સૂર, તાલ, રોશની અને રંગના સમન્વયે પ્રસ્તુત આતશબાજીનો નજારો જાણે અક્ષરધામની અનુભૂતિ કરાવી ગયો. આવી દિવ્ય સ્મૃતિઓ પામીને સૌ ધન્ય થયાં ! ઉત્સવના માહાત્મ્યમાં લીન થઈ સૌ સહજ-આનંદની અનુભૂતિ સાથે વિસર્જિત થયાં. ◆




હેતનભાઈ પટેલ



દિવ્યાંગભાઈ પટેલ



પ્રૉ. ચંદ્રકાંતભાઈ પટેલ



પૂ. વશીભાઈ







સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**૨૦ માર્ચ ૨૦૨૨, રવિવાર,**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, ઉપાસના ધામ, વેમારમાં આયોજિત**
**ત્રિદિવસીય શિબિર 'મારા વહાલા સાહેબદાદા'માં આશીર્દાન.**

**ઍરકન્ડિશનમાં** રહેનારા, ઍરકન્ડિશન્ડ ગાડીમાં ફરનારા આપણે સૌ આજે તાપમાં બેસીને કથા સાંભળીએ છીએ, મને એની ચિંતા થાય છે. સંન્યાસીઓ જે સાધના કરે છે, એમાં તમે સત્યાનંદ સરસ્વતીનું નામ સાંભળ્યું હશે. બાબા રામદેવજી પહેલાં દુનિયામાં યોગનો પ્રસાર કરનાર સત્યાનંદ સરસ્વતી હતા. મુંગેર-બિહારમાં એમનો આશ્રમ છે. શિવાનંદ સ્વામીના ત્રણ શિષ્ય. પહેલા ચિન્મયાનંદ સ્વામી – જ્ઞાની પુરુષ, તેમણે સમગ્ર વિશ્વમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' દ્વારા જ્ઞાનનો અદ્ભુત સંદેશ આપ્યો છે. બીજા ચિદાનંદ સરસ્વતી, જે શિવાનંદ આશ્રમમાં પછીથી ગાદીપતિ હતા અને આપણા અધ્યાત્માનંદ સ્વામીજીના ગુરુ હતા. અને ત્રીજા સત્યાનંદ સરસ્વતીજી, જેમણે શિવાનંદ સ્વામીજીની આજ્ઞાથી યોગના પ્રસાર માટે બિહારના મુંગેર ગામે આશ્રમ સ્થાપ્યો. તેઓ જબરદસ્ત યોગી-તપસ્વી હતા, અષ્ટાંગયોગ સિદ્ધ કરેલા પુરુષ હતા. એમની સાધનામાં પંચાગ્નિ સ્નાન કરાવવામાં આવતું. પંચાગ્નિ સ્નાન એટલે ઉત્તરમાં મોટી હોળી જેવો અગ્નિ પ્રગટાવવાનો, દક્ષિણમાં, પૂર્વમાં અને પશ્ચિમમાં અગ્નિ પ્રગટાવવાનો. ચારેય દિશામાં મોટો અગ્નિ સળગતો હોય એટલે કેટલો બધો તાપ લાગે ! ચાર દિશામાં ચાર અગ્નિ થયા અને વૈશાખ મહિનાના ધોમધખતા તાપમાં સૂર્યનો અગ્નિ; એમ પાંચ અગ્નિમાં દસ દિવસ રહેવાનું. અને છતાંય તમે સ્થિર થઈને બેસી રહો, ધ્યાનમાં રહો, આઘાપાછા ના થાવ તો તમે પાસ થઈ ગયા. જ્યારે આપણે તો અહીં તાપ છે પણ પંખા છે, એટલે સહેલું થઈ ગયું ને ! પ્રભુકૃપાથી સાધના સરળ થઈ છે.

મનોજભાઈએ મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજનાં જીવનચરિત્રોને અશ્વિનભાઈ, શાંતિભાઈના જીવનના પ્રસંગો સાથે મૅચ કરીને ખરેખર ખૂબ અદ્ભુત વાત કરીને ઉપાસના અંગેની વાત સમજાવી. ઉપાસનાની આ વસ્તુ જો સમજાય તો પંચાગ્નિ સ્નાન ને એવું બધું કરવાનું ને આંટાફેરા મટી જાય. કેવી રીતે ? એક સહેલું દૃષ્ટાંત આપું કે જેથી તે સમજાય.

સૌરાષ્ટ્રમાં ધોરાજી ગામ છે. ત્યાં નળ ખોલો એટલે ડહોળું પાણી આવે. પાણીમાં સૉલ્યુબલ ક્ષારો એટલા બધા હોય કે કૂવામાંથી પાણી નીકળે ત્યારથી જ પાણી સાથે ઓગળીને એટલા રસબસ થઈ ગયા હોય કે, ગળણાથી ગાળો તોય એ ગળાય નહીં એટલે પાણીની ડહોળાશ જાય જ નહીં. કાચના ગ્લાસમાં તમને પાણી આપે તો એમ થાય કે લીંબુનું સરબત આપ્યું છે; એવું પાણી. ફરેણીમાં સ્વામિનારાયણ ભગવાને 'સ્વામિનારાયણ' મહામંત્રનો ઉદ્ઘોષ કરેલો, એ ફરેણીમાં આપણે સમૈયો રાખ્યો હતો. ફરેણીથી પાંચ જ કિલોમીટર દૂર ધોરાજી થાય. મારો ઉતારો ધોરાજીમાં એક ડૉક્ટરને ત્યાં હતો. ડૉક્ટરને ત્યાં બેઠા હતા ત્યારે અમે એમને કહ્યું, 'તમે અમને પીવા માટે તો ચોખ્ખું પાણી આપો છો, તો તમે બિસલેરી પાણી વાપરો છો ?' ત્યારે ડૉક્ટર કહે, 'ના, આ વૉટરવર્ક્સનું જ પાણી છે. આખા દિવસમાં અમારે રસોઈમાં, પીવામાં, મહેમાન આવે તેમને આપવામાં જેટલો પાણીનો વપરાશ હોય, એટલાં પાણીનાં માટલાં અમે સાંજે ઘરમાં ભરી લઈએ અને ફટકડીનો એક-એક ટુકડો દરેક માટલામાં મૂકી દઈએ.' સવારમાં ઊઠીએ ત્યારે પાણી સિવાયનું બીજું જે કંઈ મટિરિયલ હોય એ બધું નીચે માટલામાં બેસી જાય અને ઉપર એકદમ ચોખ્ખું પાણી રહે. એ પાણી ઉપરથી અમે લઈ, એને ગરમ કરીને પીએ. એક ફટકડીનો ગાંગડો અંદર મૂકવાથી આપોઆપ જે કૅમિકલ રિઍક્શન થાય તેનાથી બધી ડહોળાશ, સૉલ્યુબલ

ક્ષાર ને જે બધી કચરાપટ્ટી હોય એ બધું જ એની જાતે નીચે બેસી જાય, આપણે કશું કરવું જ ના પડે. એમ, હઠ, માન, ઈર્ષ્યાના ભાવો, કામ-ક્રોધાદિક દોષ, ફલાણું છે ને ઢીંકણું છે; એવાં બધાં બખડજંતરને કાઢવા માટે તમે ગમે એવી લમણાકૂટ કરશો પણ એ કશું નીકળે એવું છે નહીં. કારણ કે, એ ક્યાં ભરવાયું છે એ જ તમને ખબર નહીં પડે પછી તમે કાઢશો કેવી રીતે ? એનો એક જ ઉપાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણી ઉપર કૃપા એ કરી કે, પોતે માનવરૂપે આ બ્રહ્માંડમાં સહજાનંદ રૂપે પ્રગટ થયા ! છપૈયામાં ઘનશ્યામ રૂપે પ્રગટ્યા. નીલકંઠવર્ણીરૂપે આઠ-નવ વર્ષ સમગ્ર ભારતની યાત્રા કરીને ગુજરાત પધારી ગુજરાતની ધરતીને પાવન કરી. દીક્ષિત થઈ સહજાનંદ સ્વામી બન્યા. 'સ્વામિનારાયણ' મંત્ર આપીને સ્વામિનારાયણ ભગવાન તરીકે ઓળખાયા. એક તો એમણે એ કૃપા કરી અને બીજી કૃપા કરી મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લાવ્યા.

શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ; ભગવાનના આ અવતારો સામાન્ય નહોતા, સ્વયં પ્રભુ જ હતા ! પણ એ વખતે એમના ભાવને પામેલા કોઈ સાધુ નહોતા, એટલે ભગવાનનું યથાર્થ દર્શન કોઈ કરી ના શક્યા. થોડાં ઘણાંએ દર્શન કર્યું. એક હનુમાનજીએ શ્રી રામનું ભગવાન તરીકે દર્શન કર્યું તો આખી દુનિયાના ભગવાન થઈ ગયા. લક્ષ્મણજી, સીતાજીએ એવું દર્શન કર્યું તો ભગવાનની સાથે પૂજાયાં. બહુ થોડાં ઓળખી શક્યાં, એ ભગવાનની કૃપાથી ઓળખી શક્યાં, એમ ને એમ પોતાની જાતે નથી ઓળખ્યા. પણ બહુધા લોકોને ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવી હોય તો કેવી રીતે થાય ? તો જનજનને સુખિયા કરવાનો સંકલ્પ લઈને સ્વામિનારાયણ ભગવાન આવ્યા ને ગુણાતીતને સાથે લાવ્યા.

'હે માનવો ! તમે ગમે એટલા હોશિયાર હશો, જિનિયસ હશો, તપસ્વી હશો, ધરમ-નિયમવાળા હશો, જ્ઞાની હશો; પણ તમે મને પામી કે ઓળખી શકશો નહીં. યાદ રાખો ! ભગવાનને પામવા, ભગવાનને ઓળખવા અશક્ય વસ્તુ છે. મને પામવો હોય, મને ઓળખવો હોય તો જેમાં હું અખંડ રહ્યો છું એવા ગુણાતીતભાવને પામેલા સાધુને ઓળખો ને એમનામાં જોડાવ.' અને એવા ગુણાતીતાનંદ સ્વામીનો નિર્દેશ કર્યો કે, આવા ત્રણ ગુણ, ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પર જે જીવન જીવતા હોય એ ગુણાતીતભાવને પામેલા સાધુ, એમની જે ક્રિયા - ખાવું-પીવું, બોલવું-ચાલવું, હરવું-ફરવું, જોવું-જાણવું તે મારા-તમારા જેવી જ હોય, પણ એમની હરેક ક્રિયા પાછળ ભગવાનને રાજી કરવાનો જ ભાવ હોય. એમની હરેક પ્રવૃત્તિ ભગવાનને રાજી કરવાના અનુસંધાનવાળી જ હોય. એમનું એક-એક સૅકન્ડનું જીવન ભગવાનને સમર્પિત થઈને થતું હોય. તેઓ ભગવાનમાં રહે છે, એટલે એવા સાધુમાં જોડાવાથી તેઓ આપણને ભગવાનમાં રહેતા કરે છે. એમણે ભગવાનને જોયા છે, તો આપણને ભગવાનને જોતા કરે છે. એમણે ભગવાનને રાજી કર્યા છે, તો આપણને તેઓ ભગવાનને રાજી કરવાની રીત શિખવાડશે. તો આપણે આ ને આ દેહે કરીને સુખિયા થઈ જઈશું. મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ને પરબ્રહ્મ તત્ત્વ સહજાનંદ સ્વામીની યુગલ ઉપાસના એ શ્રી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના ! એ અક્ષરપુરુષોત્તમના સાકાર સ્વરૂપ ભગતજી મહારાજે ગુણાતીતને ઓળખ્યા ને ગુણાતીતભાવને પામ્યા તો પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એમનામાં અખંડ રહ્યા.

તમે જુઓ, કોઈને આપણે પૂછીએ કે, 'ક્યાં રહો છો તમે ?' તો એ કહે, 'વડોદરા'. આપણે કહીએ, 'વડોદરા એટલે ક્યાં ? વડોદરા તો ૫૦-૧૦૦ કિલોમીટરનો વિસ્તાર છે.' ત્યારે એ કહે, 'માંજલપુરમાં, ફલાણી સ્ટ્રીટમાં 'યોગીકૃપા' નામના બંગલામાં રહીએ છીએ.' એમનો નિવાસ ત્યાં છે એટલે કોઈને પણ મળવું હોય તો 'યોગીકૃપા'માં આવે. એમ, કોઈને પૂછો કે, 'ભગવાનનું સરનામું ક્યું ?' તો ભગવાનનું સરનામું - મહંત સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ; એવા સંતો ભગવાનને રહેવાનાં ધામ છે. ભગવાન કહે, 'એવા સાધુ દ્વારા અમે પ્રગટ છીએ', આ ઉપાસના છે ! ભગવાનને રહેવાનું ધામ એ અક્ષરધામ, અક્ષરધામ એટલે અક્ષરધામરૂપ થયેલા સાધુ; એ ભગવાનને રહેવાનું ધામ છે. એવા સાધુને

> ભગવાનને રહેવાનું ધામ
> એ અક્ષરધામ !
> અક્ષરધામ એટલે
> અક્ષરધામરૂપ થયેલા સાધુ;
> એ ભગવાનને રહેવાનું ધામ છે.





ગુણાતીત પુરુષ, અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ કે,
જેમના થકી ભગવાન પ્રગટ છે;
એવા સાધુની દૃષ્ટિ પડે તો આપણું ચૈતન્ય ભેદાઈ જાય,
ચૈતન્ય ભેદાઈ જાય એટલે
જગત તરફ જતા આપણા પ્રવાહો
આપોઆપ પ્રભુ તરફ ચાલતા થઈ જાય.

વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય અને એમનો પોતાના જીવનમાં સ્વીકાર કરો, એમની બે હાથ જોડીને આજ્ઞા પાળો તો પછી જેમ પાણીમાં ફટકડી મૂકી ને બધી ડહોળાશ જતી રહી, એમ, આપણી અંદર રહેલી ડહોળાશ આપોઆપ જતી રહેશે, એને કાઢવા માટે પ્રયત્ન નહીં કરવો પડે, યાદ રાખો ! શ્રી સ્વામિનારાયણ ભગવાને જે શુદ્ધ ઉપાસના આપી, એ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે આપણી આગળ છતી કરી, જાહેર કરી. અને એ ઉપાસનાના પાતાળે પાયા નાખવા શ્રી અક્ષરપુરુષોત્તમનાં મંદિર કર્યાં, જેમાં દર્શન કરવા શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસ્ય મૂર્તિઓને મધ્ય મંદિરમાં પધરાવી અને યોગીજી મહારાજ જેવા અક્ષરપુરુષોત્તમના સાકાર સ્વરૂપની શાસ્ત્રીજી મહારાજે ભેટ આપી.

હું ઘણી વખત ૧૯૫૭ની વાત કરું છું. અમે બાપાનાં દર્શન કરવા ગયેલા. ત્યારે ડૉ. વી.એસ. અમારી સાથે હતા. આપણે વી.એસ.નું જીવન જાણીએ છીએ. તેઓ ચેઈનસ્મોકર હતા, સાથે રામપુરી ચાકુ રાખીને ફરનારા, ધબધબાટી બોલાવે. કોઈ દિવસ સાધુ-સંતોના યોગમાં આવેલા જ નહીં. મારા મિત્ર એટલે અમારી સાથે તે બાપાનાં દર્શન કરવા આવ્યા. અમે બાપાનાં દર્શન કરવા માટે લાઈનમાં ઊભા હતા. ત્યાં મેં એમની બાપા સાથે ઓળખાણ કરાવી કે, 'બાપા, આ વિઠ્ઠલભાઈ, મારી સાથે ભણે છે.' વી.એસ. પગે લાગવા નીચે નમેલા એટલે બાપાએ એકદમ એમનું માથું ઊંચું કરી દૃષ્ટિ કરી – એમના ચૈતન્ય સામું દૃષ્ટિ કરીને બાપા બોલ્યા કે, 'જે મોંઢે આપણે ભગવાનનું નામ લેવું છે એ મોંઢે ધુમાડા ના નીકળે અને માનવદેહમાં ભગવાને આપેલી શક્તિઓનો સદ્ઉપયોગ કરવો છે.' એમ કહી બે ધબ્બા માર્યા. વી.એસ. ચેઈનસ્મોકર હતા, પણ બાપાની એક દૃષ્ટિ પડી, બાપાના બે ધબ્બા પડ્યા અને એમના ચૈતન્યમાં જે સ્પાર્ક થયો તો બહાર જઈને, ખીસામાં સિગારેટનું પૅકેટ ને માચીસ બૉક્સ હતું એ મંદિરની સામે તળાવ હતું એમાં ફેંકી દીધું. બસ તે સૅકન્ડથી એમની સિગારેટ છૂટી ગઈ. તોફાન-ધમાલ કરનારો એ છોકરો સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પડી ગયો ને એ ભણ્યો તો તમે જુઓ તેઓ વાઈસ ચાન્સેલર થઈ ગયા; તમે વિચાર કરો ! યોગીબાપાની દૃષ્ટિ પડી. એ ગુણાતીત પુરુષ, અક્ષરપુરુષોત્તમનું સાકાર સ્વરૂપ કે, જેમના થકી ભગવાન પ્રગટ છે; એવા સાધુની દૃષ્ટિ પડે તો આપણું ચૈતન્ય ભેદાઈ જાય, ચૈતન્ય ભેદાઈ જાય એટલે જગત તરફ જતા આપણા પ્રવાહો આપોઆપ પ્રભુ તરફ ચાલતા થઈ જાય. એ પાણીમાં એક ફટકડી મૂક્યા જેવું છે.

અક્ષરપુરુષોત્તમની ઉપાસના આપણે સમજીએ એ માટે હું બોલું એમ તમે બોલજો...

*ભગવાન સર્વોપરી છે.*

*મારા હૃદયમાં મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી સ્થાન છે.*

*એ મારા ભગવાન, મારા માટે કર્તા-હર્તા છે. એટલે કે, જે કંઈ થઈ ગયું છે, જે કંઈ થઈ રહ્યું છે અને જે કંઈ થશે એના કર્તા-હર્તા મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે. અને જે કાંઈ થાય છે તે મારા સારા માટે જ થાય છે. એવું માનવું એ મારી નિષ્ઠા છે.*

*એ ભગવાન સદાય સાકાર છે, એવા ગુણાતીત સંત દ્વારા પ્રગટ છે. વર્તમાનકાળે યોગીબાપાની કૃપાથી મહંત સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, આ સંતો દ્વારા મને પ્રભુ પ્રગટ મળ્યા છે; એ માનવું એ મારી શ્રેષ્ઠ ભક્તિ છે. એમાં જોડાવું, આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી, એમને પરાણે પ્રેમ કરવો એ મારી સાધના છે.*

*એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવવું અને એમના સંબંધવાળા ભક્તોની નિર્દોષભાવે, મન-કર્મ-વચને, સુહૃદભાવ રાખી સેવા કરવી એ પ્રભુની પ્રસન્નતા અપાવે છે. આટલું કરવું.*

અત્યારે તો બહુ સારું છે. સ્વામિનારાયણ સંપ્રદાય માટે બધાને પ્રેમ છે, માન છે. પણ હું નાનો હતો ત્યારે એવું નહોતું. સ્વામિનારાયણ સંપ્રદાયને ઘણી વખત હાસ્યાસ્પદ ગણતા. જ્યારે અત્યારે તો કોઈ ચાંદલાવાળાને જુએ તો એને પ્રેમથી બોલાવે, પ્રેમથી બેસાડે. પહેલાં આવું નહોતું. કારણ ? સમજણ નહોતી. 'સ્વામિનારાયણ' કહેવાતા, પણ એક તો જીવન એવું નહોતું અને બીજું સમજણ નહોતી એટલે બફાટ બહુ કરતા. શું બફાટ કરતા ? કે આપણી વાત સાંભળે કે, "સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વના કારણ, સર્વના નિયંતા, મારી-તમારી-સૌની બુદ્ધિના પ્રેરક-પ્રવર્તક, અંતર્યામી, સર્વજ્ઞ પુરુષ છે." મારા ભગવાન સર્વોપરી એટલે ભગવાન શ્રી કૃષ્ણ, ભગવાન શ્રી રામના ભક્તોને કહીએ કે, 'અમારા ભગવાન સર્વોપરી છે.' તો એ અર્થમાં પ્રભુનું સર્વોપરીપણું નથી. ભગવાન શ્રી કૃષ્ણના ઉપાસકે શ્રીકૃષ્ણને જ સર્વોપરી માનવા જોઈએ. ભગવાન શ્રી રામના ઉપાસકે શ્રી રામને જ સર્વોપરી માનવા જોઈએ. આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉપાસક છીએ, એટલે આપણે આપણા ઈષ્ટદેવને સર્વોપરી માનીએ તો જ એમની આજ્ઞા પળાશે, યાદ રાખો !

આ બહેનો માટે શાસ્ત્રો કહે છે, "પતિને પરમેશ્વર માનો." અહીંયાં બધાં બહેનો છે, એક કહે, 'મારો પતિ પરમેશ્વર', એટલે બીજી બહેન કહે, 'જા જા, મારો પતિ પરમેશ્વર.' એમ કરે તો ઝઘડા થાય કે ના થાય ? પરમેશ્વર માનો એટલે કે પરમેશ્વરના ભાવથી એમની ભક્તિ કરો. પરમેશ્વર માનો એટલે કે એમના કોઈ ગુણ-દોષ જોયા વગર એમના વિશે સંપૂર્ણ વફાદાર રહી, એમની આજ્ઞા માનીને ઘર ચલાવો; એ પરમેશ્વર માન્યા કહેવાય ! એમ, આપણે આપણા ભગવાનને સર્વોપરી માન્યા એટલે બીજી બધી આજ્ઞા હોય, પણ એમાં આપણા ભગવાનનાં જે વચન હોય, ભગવાનની જે આજ્ઞા હોય એ આપણે શિરસાટે પાળવી; એ અર્થમાં સર્વોપરી માનવાના.

બીજાનું લખાણ વાંચો, બીજાની વાતો સાંભળો, ઘણા બધા વક્તા એવી બધી વાતો કરતા હોય કે, તમારી બુદ્ધિ ભ્રમિત થઈ જાય, પણ જો તમને ભગવાનની સર્વોપરી નિષ્ઠા હોય તો અમારા સ્વામિનારાયણ ભગવાને કહ્યું એ જ મારા માટે સાચું ! પછી એમાં બીજી કોઈ બાંધછોડ નહીં કરવાની, તો કોઈ દિવસ દ્વિધામાં નહી મૂકાવ; એ ભગવાનને સર્વોપરી માન્યા કહેવાય. મારા ગુરુનાં વચન, મારા ભગવાનનાં વચન એ મારા માટે સર્વોપરી છે. એવા સર્વોપરી ભાવે આપણે જ ભગવાનને સર્વોપરી માનવાના, બીજા કરતાં સર્વોપરી છે એ અર્થમાં આ નથી કહ્યું. હવે આ સમજણ આવી એટલે બધાનો આપણે સ્વીકાર કર્યો છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી'માં લખ્યું છે કે, 'રસ્તામાં આવતા દેવ-દેવળને પગે લાગવું.' અંદર ના જઈએ પણ બહારથી તો નમન થાય ને ! કોઈ ધર્મ, કોઈ ભગવાન, કોઈ દેવતાનો તિરસ્કાર કરવાનું સ્વામિનારાયણ ભગવાને નથી કહ્યું. એમણે કોઈ સરખામણી કરવાનું નથી કહ્યું. પણ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના આપણે આશ્રિત છીએ એટલે આપણા માટે આપણા હૃદયમાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું સ્થાન સર્વોપરી હોય. એ જગ્યા ઉપર કોઈ ના આવે. એટલે કે, એમની જે આજ્ઞા, એમણે આપેલા નિયમો, એમણે પ્રવર્તાવેલો ધર્મ એ આપણા માટે મુખ્ય છે.

આ તો, ચાર રસ્તા ઉપર, ચોકડી ઉપર હૉટલોમાં ડુંગળી-લસણનાં ભજિયાં બનતાં હોય, ને આપણે કહીએ, 'આવવા દો.' આપણે ભજિયાં ખાતા હોઈએ ને પછી કહીએ કે, 'અમારા સ્વામિનારાયણ ભગવાન તો સર્વોપરી છે !' હવે એનો મેળ બેસે ? ભલા માણસ, પહેલાં ડુંગળીનાં ભજિયાં તો મૂક. સ્વામિનારાયણ ભગવાને ડુંગળી-લસણ ખાવાની તો ના પાડી છે, તો એ ક્યાંથી ખવાય ? આપણે તેમનો સર્વોપરીભાવે સ્વીકાર નથી કર્યો; બોલવામાં જ છે. યુવાનોને મારી પ્રાર્થના, માત્ર બોલો નહીં, પણ વર્તો. આપણા ભગવાને જે નિયમ-ધર્મ આપ્યા છે, એ યાદ રાખો, આપણા સારા માટે આપ્યા છે.

ભગવાન આપણા હિતેચ્છુ છે,
ભગવાન આપણાં સાચાં મા-બાપ છે,
ભગવાન આપણને સુખિયા કરવા આવ્યા છે.
એ જે ના પાડે એ નહીં જ કરવાનું એવું હોવું જોઈએ-
એને ભગવાન માટેનો પ્રેમ કહેવાય,
ભગવાનને સર્વોપરી માન્યા કહેવાય.





**સવારે પૂજા એટલે કરવાની કે, પૂજા ખોલી, મૂર્તિઓ સમક્ષ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ઘૂન કરીએ તો દશ-પંદર મિનિટમાં અંદરનું આખું તંત્ર ચાર્જ થઈ જશે. અને તમારી પાછળ એવા દિવ્ય ઓરા આવશે કે તમારી પાસે અનિષ્ટ તત્ત્વો આવી જ નહિ શકે.**

હમણાં બે વરસ કોરોના વાઈરસે કેટલો હાહાકાર મચાવ્યો ! કોરોનાની ગાઈડલાઈનમાં કહ્યું કે, કોરોનાથી બચવું છે ? તો એક, માસ્ક પહેરો. બીજું, છ ફૂટનું અંતર રાખો અને ત્રીજું, વારેવારે હાથ ધુઓ. આ ત્રણ વસ્તુનું તમારા જીવનમાં બરાબર પાલન કરશો તો કોરોના તમને કંઈ નહીં કરી શકે ! અને મરવાની બીકે બધા જ આ નિયમ પાળતા હતા. એમ, સ્વામિનારાયણ ભગવાને આપણને યુવાનોને ખાસ ખાવા-પીવાના, હરવા-ફરવાના, ધર્મના નિયમ આપ્યા છે; તે આપણા દુશ્મન નથી. આપણને કીમતીમાં કીમતી માનવદેહ આપ્યો છે. કોઈ પોતાના મરવાના સમયે આપણને કહે કે, અમે તમને પચાસ કરોડ રૂપિયા આપીએ, તમે અમને તમારો માનવદેહ આપો તો કોઈ આપશે ? આવો સરસ માનવદેહ કોઈ આપી નહીં શકે. આવો મોંઘામાં મોંઘો માનવદેહ ભગવાને આપણને આપ્યો છે એને ગમેતેમ વેડફી ના નાખીએ.

એક વખત જયેશ મુંબઈથી અમારી સાથે ઑડી ગાડી લઈને સૌરાષ્ટ્રના વિચરણમાં આવેલો. અમે રાજકોટ હતા ત્યારે એની ઑડી ગાડીનો ડ્રાઈવર એમાં પૅટ્રોલ પુરાવવા ગયો. પેટ્રોલપંપ ઉપર પેટ્રોલ પૂરનારો વાતોમાં હતો, તેણે ઑડી ગાડીમાં પેટ્રોલને બદલે ડિઝલ પૂરવા માડ્યું. ડ્રાઈવરનું ધ્યાન ગયું ત્યાં સુધીમાં તો દસ લિટર જેટલું ડિઝલ ભરી દીધું હતું. પછી જયેશે ઑડી કંપનીમાં ફોન કર્યો કે, 'અમારી ઑડી ગાડીમાં ડિઝલ નાખ્યું છે, એનું હવે શું કરવું જોઈએ ?' એટલે ઑડી કંપનીના ઑફિસર કહે, 'તમે એ ગાડીને એક ફૂટ પણ ચલાવશો નહીં. જ્યાં છે ત્યાં ઊભી રાખો, અમારી વાન મોકલું છું તેમાં એને અમદાવાદ લાવીશું ને પછી રિપેર કરીને તમને આપીશું.' મોટી વાનમાં ગાડીને મૂકી અમદાવાદ લઈ ગયા ને ત્યાં એમના ગૅરેજમાં ટૅન્ક કાઢી, બધું ડિઝલ કાઢીને સાફ કર્યું. આખો દિવસ એની સફાઈ ચાલી પછી ગાડી પાછી આપી અને એ કરવાના પચ્ચીસ હજાર રૂપિયા થયા. કેમ ? ડિઝલ નાખ્યું હોત તો ગાડી તો દોડત, પણ એનું ઍન્જિન ગમે ત્યારે ચૉકઅપ થઈ જાય પછી એ ગાડી નકામી થઈ જાય, એને ભંગારમાં નાખી દેવી પડે, એ રિપેર થાય જ નહીં. એમાં ચોખ્ખું લખ્યું છે કે, આ ગાડીમાં આ પ્રકારનું જ પેટ્રોલ નાખવું અને ટાયરમાં આટલી હવા પૂરવી.

એમ, આપણને આ દેહરૂપી ગાડી આપી છે તેમાં લખ્યું છે, જે સંતો વાંચે છે, ભગવાન વાંચે છે કે, આ ગાડીમાં નૉનવેજ નંખાય નહીં, આ ગાડીમાં તમાકુ નંખાય નહીં, આ ગાડીમાં આલ્કોહૉલ કે એવા નશીલા પદાર્થ નંખાય નહીં. ભગવાનને બધી ખબર છે. અત્યારે તમે જુવાન છો, ભૂખ લાગે ત્યારે આ બહાર પડેલા પથરા ખાશો તોય પચી જશે, કશું નહીં થાય; એટલી અદ્ભુત મશીનરી અંદર આપી છે. પણ ચાલીસ વરસ પછી બધું પાછું ફરશે. પછી ડૉક્ટર પાસે જશો તો ડૉક્ટર કહેશે, 'આ ગાડી રિપેર થશે નહીં એને ગૅરેજમાં નાખી દો, સુવાડી રાખો.' પછી આવું ૭૦-૮૦ વરસ સુધી જીવવું પડશે. ભલા માણસ, એના કરતાં પહેલાં સાચવ્યું હોય તો ? યુવાન અવસ્થામાં આ વસ્તુ જો સમજાઈ જાય કે, આ દેહરૂપી ગાડી મોંઘામાં મોંઘી છે, એમાં ભગવાને આપેલા નિયમ-ધરમ પાળીશું તો આ વાહન અદ્ભુત રહેશે ! ભગવાન આપણા હિતેચ્છુ છે, ભગવાન આપણાં સાચાં મા-બાપ છે, ભગવાન આપણને સુખિયા કરવા આવ્યા છે. એ જે ના પાડે એ નહીં જ કરવાનું એવું હોવું જોઈએ-એને ભગવાન માટેનો પ્રેમ કહેવાય, ભગવાનને સર્વોપરી માન્યા કહેવાય.

પ્રેમનું લક્ષણ શું છે ? હેતનું લક્ષણ શું ? આપણને ભગવાન માટે પ્રેમ હોય તો ભગવાન કહે એમ કરવાનું. ભગવાને જે કહ્યું, ભગવાને જે આદેશ આપ્યો એ પ્રમાણે વર્તો એ ભગવાન તરફના આપણા પ્રેમનું લક્ષણ છે, યાદ રાખો ! આંસુડાં પાડે એ પ્રેમ નથી, તેઓ કહે એમ કરે એ પ્રેમ છે ! એટલે ભગવાન કહે એમ કરવું.

મારી યુવાનોને પ્રાર્થના છે કે, રોજ સવારે પૂજા કરજો. ભગવાને આપણને પૂજા આપી છે. તમે એક પ્રયોગ કરજો. સવારના પહોરમાં

ઊઠીને ફિલમનું ગાયન સાંભળજો અથવા તો કોઈ ફિલમનું દશ્ય જોઈ લેજો. આ સાંભળીને-જોઈને તમે નીકળશો તો તમે ગાડી ચલાવતા હશો તોય એટ ધી બૅક નહીં લેવાદેવા એ જ યાદ આવશે. અને હવે તમે સવારના પહોરમાં 'ઊગતી પ્રભાએ કાર્ય પ્રારંભમાં સહાય કરો એવું ઇચ્છું છું...' એ ભજન તમે સાંભળો તો આખો દિવસ એ ભજન અને ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહેશે.

તમારી દરેક પાસે મૉબાઈલ છે. સાંજ પડે બધા મૉબાઈલને ચાર્જિંગમાં મૂકે છે. કેમ કે પછી ચોવીસ કલાક તે વપરાય. એમ સવારના પહોરમાં પૂજા કરવા બેસશો, સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનાં દર્શન કરશો, સંતોની મૂર્તિનાં દર્શન કરશો તો તમારા અંતરમાં સારા સારા ને દિવ્ય વિચારો આવશે. તમે સ્પૉર્ટ્સમૅનનો ફોટો જોશો તો તમને એના વિચારો આવશે, પૉલિટિશ્યનનો ફોટો જોશો તો એના વિચારો આવશે. સવારે પૂજા એટલે કરવાની કે, પૂજા ખોલી, મૂર્તિઓ સમક્ષ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરીએ તો દશ-પંદર મિનિટમાં અંદરનું આખું તંત્ર ચાર્જ થઈ જશે. અને તમારી પાછળ એવા દિવ્ય ઓરા આવશે કે તમારી પાસે અનિષ્ટ તત્ત્વો, બેકાર માણસો આવી જ નહિ શકે, યાદ રાખો ! જેમ રૂમમાં 'ઑલઆઉટ' મૂકે તો મચ્છર જતાં રહે, એમ, તમે પૂજા કરવારૂપી 'ઑલઆઉટ' મૂકી દો તો તમારી આજુબાજુ અનિષ્ટ તત્ત્વો નહીં આવે. એટલે પૂજા કરીને ઘરની બહાર નીકળવાનું. ધૂન-પ્રાર્થના એટલે કરવાની કે, આખો દિવસ તમારી અંદર ઍટ-ધ-બૅક ભગવાનનું બળ રહેશે, તો તમે જે કામ કરશો એમાં મજા આવશે.

આવા નિયમ-ધરમ પાળીએ અને શુદ્ધ ઉપાસના સમજીએ. શ્રી અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના જો સમજાઈ જાય તો મોટા ભાગની નેવું ટકા સાધના આપણી આનંદદાયક અને સરળ થઈ જાય, યાદ રાખો ! એટલા માટે જ ખાસ યુવાનોની આ શિબિરમાં આ વિષય લીધો છે.

દીકરાઓ, તમારે હજુ લાંબું જીવવાનું છે. જો આ વસ્તુ સમજાઈ જશે તો આખા જીવનનો કોક જુદો આનંદ આવશે. જીવનમાં તમે જે કામકાજ કરશો તેમાં ગમે તેવી ઉથલ-પાથલ-ધમાલ થશે, પણ કોઈ દિવસ તમે ડાઉન નહીં થાવ, તમારું મોંઢું પડેલું નહીં રહે; એવું આપણું આંતરિક જીવન તાકાતવાળું-બળવાન થઈ જશે. એ ઉપાસનાનું જબરદસ્ત બળ છે. આપણા માટે ભગવાન સર્વોપરી છે, કર્તાહર્તા છે, આ સંતો દ્વારા સાકાર ને પ્રગટ મળ્યા છે, એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય, આ અશ્વિનભાઈ, શાંતિભાઈ ને આ બધા વ્રતધારી સંતો છે એમાં કોઈ ને કોઈ સંતને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ હશે તો તમારો છેડો ભગવાન સાથે જોડાશે, યાદ રાખો ! કારણ કે, મૂળ ભગવાનનો પાવર એમની પાસે છે એ બધો પાવર તમારી પાસે આવશે. તો અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના યુવાનોને ખાસ સમજાય, યુવાનોનું જીવન નિયમબદ્ધ બને એ માટે ખરેખર એકેએક સૅન્ટર પર બધા યુવકો સરસ કામ કરી રહ્યા છે. એ બધા યુવાનો આ વસ્તુ સમજીને ભગવાનની ભક્તિ કરે તો ખૂબ મોટું કામ જે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કરાવવા માંગતા હતા તે થઈ શકે. તે કરાવવા માટે જ ૨૩ માર્ચ પાટોત્સવના સમૈયા નિમિત્તે યુવકોની આ શિબિરનું આયોજન થયું છે. તેમાં આપ સૌ પધાર્યા એનો ખૂબ આનંદ થયો. મોટી સંખ્યામાં યુવાનો આવ્યા છે, એ બધાને ખૂબ ખૂબ અભિનંદન ! ધન્યવાદ !

હે મહારાજ ! હે ગુણાતીતાનંદ સ્વામી ! આપ સાકાર માનવરૂપ ધારણ કરીને પૃથ્વી પર પધાર્યા. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજે આપની ઓળખાણ કરાવી ને એવા ગુણાતીતભાવને પામેલા સંતોના સાંનિધ્યમાં આપે અમને મૂક્યા છે, તો આપની વાતને, રહસ્યને અમે સમજીએ અને એ પ્રમાણે સંપ, સુહૃદભાવ, એકતા રાખી, હળીમળીને જીવન જીવીએ તે માટે અમારા ઉપર સદાય આશીર્વાદ વરસાવ્યા કરજો એવી અમ સૌની પ્રાર્થના છે !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

**અક્ષરપુરુષોત્તમની**
**શુદ્ધ ઉપાસના જો સમજાઈ જાય**
**તો આપણી સાધના**
**આનંદદાયક અને સરળ થઈ જાય,**
**યાદ રાખો !**







# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

પ.પૂ. અશ્વિનદાદાએ ૩૦ માર્ચના દિને સંતોની બુધવારની સભામાં સર્વ સંતોને ગઢડા અંત્ય પ્રકરણનું બીજું વચનામૃત રોજ વાંચી મનન-ચિંતન કરવા વિનંતીપૂર્ણ આજ્ઞા કરી. તેઓના પ્રત્યેક શબ્દમાં સર્વ પ્રતિનો સુહૃદભાવપૂર્ણ પ્રેમ છલકાતો હતો. તે રોજ વાંચતાં જે ભાવ અંતરે ઊભર્યા તે અત્રે લખાયા.

**શ્રીજી મહારાજ** સર્વ સંતો-ભક્તોને સત્સંગનો મહિમા સમજાવે છે.
શ્રીજી પોતે વશ થવા માટેની ચાવી બતાવે છે.
સત્સંગનું પ્રધાનપણું બતાવે છે... ને આગ્રહ કરે છે.
પ્રગટના ઉપાસકો આપણને સર્વને કૃપા કરી આગ્રહ દર્શાવે છે.
પ્રગટ ગુરુરૂપ હરિના માહાત્મ્યનો મહિમા સમજાવે છે.
પ્રગટ ગુરુ આપણા માટે સહજાનંદ ને સ્વામીનું સ્વરૂપ
તે મળ્યા.. તેઓએ આપણને સ્વીકાર્યા પોતાના કર્યા
તે મહિમા અંતરે સ્થિર કરવો જ છે તે દૃઢ કરીએ
પ્રગટ ગુરુરૂપ હરિ આપણા માટે આજે 'સાહેબજી' છે
તે સ્વરૂપમાં પ્રીતિ છે... પૂર્ણ પ્રીતિ કરવાના માર્ગે સૌ છીએ
તે સાથે આપણને આપણા 'હું' સાથે પણ પ્રેમ છે
અહંકાર – 'સ્વ'નો ભાવ પૂર્ણ સ્વરૂપે જોડાવા નથી જ દેતો
તે સમજાય તે બહુ મોટા... બહુ જ મોટા
તે ટાળવા આગ્રહ રાખે... દાસ બની રહેવા ઝંખે
પોતાના સમગ્રને વર્તાવવા આગ્રહ રાખે તે વંદનીય-પૂજ્ય
તેવા સૌને માટે શ્રીજી મહારાજને આગ્રહ હતો
તેવો જ ગુણાતીતાનંદ સ્વામી ને સ્વામીસ્વરૂપોએ રાખ્યો
યોગીબાપાએ રાખ્યો... આજે સાહેબજી ને સૌ પ્રગટ સ્વરૂપો રાખે છે
તેવો પ્રગટ-પ્રત્યક્ષનો ભાવ થઈ જાય તો સર્વ અર્થ પ્રાપ્ત થાય
પ્રત્યક્ષના ઉપાસકો... નિર્દોષ થવા ને સૌને માનવા ઝંખે
તે માટે સેવા-ભક્તિ સદાય કર્યા જ કરે ને સમગ્રને વાપરે
તેને જ પરમપદ માને ને તેને પ્રભુપરમની કૃપા થઈ તે સ્વીકારે
'હું' ટળે હરિ ઢૂંકડા... હરિરૂપ... તે માની પ્રતિપળ જીવે.

હે મહારાજ !
આપ પ્રગટ થયા... પ્રગટ પ્રત્યક્ષ સદાય રહ્યા
આપ અને આપનાં દિવ્ય સ્વરૂપોમાં અમને મનાયા
આજે પણ અમને આપનો પ્રાપ્તિ કરાવવાનો સંકલ્પ સમજાયો છે
સમજ્યા તે પ્રતિપળ વર્તને લાવવા અમે જાગ્રતતાથી મંડ્યા છીએ
આપના પ્રગટ-પ્રત્યક્ષ સ્વરૂપ 'સાહેબજી' દ્વારા પૂર્ણ થશે જ
તેઓના આશીર્વાદ ને કૃપાના બળે પાર પડીશું જ
તે અમને શ્રદ્ધા છે... વિશ્વાસ છે... ને ખાતરી છે.
પ્રગટ-પ્રત્યક્ષ સાહેબજીને આપે ઐશ્વર્ય ને પ્રતાપ દીધાં
તેઓની કૃપાથી જરૂર પાર પડીશું તે માનીએ છીએ.
તો હે દયાળુ ! હે મહારાજ !
આપનું પ્રાગટ્ય મહામંગલ પર્વ ઊજવવું છે
આ ભાવ ધરી... જાગ્રત બની રહી ઊજવીએ
દેહના ભાવમાંથી પર થવા ઊજવીએ
આત્મબળ સાથે આપનું બળ સ્વીકારી ઊજવીએ
આપ સર્વ કંઈ 'સાહેબજી' દ્વારા કરો છો તે સંપૂર્ણ સ્વીકારી ઊજવીએ
આપ જેમાં રાજી તે દૃષ્ટિ સમક્ષ રાખી ઊજવીએ
પરસ્પરનો માહાત્મ્યપૂર્ણ દિવ્યભાવ રાખી ઊજવીએ
આપ દિવ્ય, આપનાં સૌ દિવ્ય માનીએ ને ઊજવીએ
સૌના 'દાસ' બની – વર્તનમાં ધારી ઊજવીએ.
આપ બળ દો છો... 'સાહેબજી' સ્વરૂપે, તે માની ઊજવીએ
આ સર્વ આપનાં સ્વરૂપો... સાહેબજીનાં વ્હાલાં સ્વરૂપો...
તે સૌ અમારાં... તે માની ઊજવીએ.



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

૨.૪.૨૨. બ્રહ્મજ્યોતિ-ભારત



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

**૨૧ માર્ચ ૨૦૨૨, સોમવાર,**
**શ્રી સ્વામિનારાયણ મંદિર, ઉપાસના ધામ, વેમારમાં આયોજિત ત્રિદિવસીય શિબિર ‘મારા વહાલા સાહેબદાદા’માં આશીર્દાન.**

**આપણા** અનેક જન્મોનાં સુકૃતને કારણે, માતા-પિતાના સંસ્કાર અને આશીર્વાદથી આપણને દરેક જન્મે આધ્યાત્મિક પ્રગતિ કરવાનો યેન કેન પ્રકારેણ પ્રભુ મોકો પ્રાપ્ત કરાવે છે. એ જ રીતે મારા જીવનનું સૌથી મોટું સદ્‌ભાગ્ય કે, મારા જીવનકાળ દરમિયાન મને ગુરુહરિ સાહેબદાદાનો સંબંધ અને સંપર્ક મળ્યો. એમણે મને યોગીબાપાનો ધબ્બો ખવડાવ્યો અને એમાંથી આખા જીવનને એમની જ નજર હેઠળ એમણે ઘડતર, ચણતર, માર્ગદર્શન, આશીર્વાદ, બળ, હૂંફ, પ્રેમની સઘળી જીવંત અનુભૂતિ કરાવી. મેં જ્યારે જ્યારે દૂર જવાનો પ્રયત્ન કર્યો ત્યારે એમણે જ હાથ પકડીને, ખેંચીને એમની સાથે રાખ્યો. એ જ એમનું જીવનકાર્ય ! અને એ જ હેતુથી તેઓ મનુષ્ય શરીર ધારીને વર્તમાનકાળે પણ પૃથ્વી પર વિચરી રહ્યા છે !

યોગીબાપાની આજ્ઞાથી ગુરુહરિ સાહેબદાદાએ જ પોષણ આપી, પ્રેમ, માર્ગદર્શન આપી ને ધક્કો મારીને બાપાની સેવામાં મોકલ્યો. ત્યારે યોગીબાપા ભગવાનનું સ્વરૂપ છે અને આવું સ્વરૂપનું જ્ઞાન, સમજણ હજુ પાકી નહોતી થઈ, એટલે એવા પ્રતાપી એક સંત-સાધુ-ગુરુ તરીકે અને જેમના ખોળામાં માથું નાખીને જીવનની શાંતિ પ્રાપ્ત થાય અને જેમના પેટને ઓશીકું બનાવીને સૂવાની પણ મજા આવે એવા યોગીબાપાની પાસે સાહેબદાદાએ મને સેવામાં મૂક્યો. અને સમય આવ્યો એટલે યોગીબાપાએ જ જશુભાઈને ભલામણપત્ર લખીને એમની પાસે મને પાછો મોકલી આપ્યો. મારા ગમે તેવાં સ્વભાવ-પ્રકૃતિ હોવા છતાં પણ બાપાની ભલામણથી એમણે મને એમની સાથે રાખ્યો, નભાવ્યો અને ખૂબ પ્રેમ આપ્યો.

યોગીબાપા પાસેથી સાહેબદાદા પાસે આવ્યો. સાહેબદાદા ત્યારે દાદુકાકાની આજ્ઞા પ્રમાણે કાર્ય કરતા. દાદુકાકાએ કહ્યું, પપ્પાજીની પાસે રહો. સાથે સાથે સોનાબાનો સ્નેહ અને પ્રેમ મળ્યો. મારી ખાનગી વાત કહું તો, મારે અને સાહેબદાદાને ઘણી વખત ઠેરી જાય. એ જે કહે એ મારી બુદ્ધિ-અક્કલમાં ઊતરે નહિ અને તે કરવા હું કબૂલ થાઉં નહિ. પણ બાનો પ્રેમ-સ્નેહ અને બા મિડિયેટર; તેઓ એવો મેળ પાડી દે કે જે આજ સુધી પડેલો રહ્યો છે, જે તમે સૌ જુઓ છો. આવું દરેકને પોતાના જીવનમાં બનતું હોય છે.

આ જે કહે છે કે, સંતોની સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરવી, પણ અમારા સમયની મુશ્કેલી એ હતી કે, અમને અમારા સહાધ્યાયી મિત્ર-સાથીદાર તરીકે જ એમની છબિ જે અમારા હૃદયમાં હતી, તેમાંથી ગુરુ કે પ્રભુધારક કે ગુણાતીત સ્થિતિના માનવા; એ અમારા માટે થોડી મુશ્કેલ બાબત હતી. તમે નસીબદાર છો, ભાગ્યશાળી છો ! એટલે જ અમે તમારો મહિમા સમજીએ છીએ કે, તમારા હૃદયમાં તો સાહેબદાદાની છબિ પહેલા જ દિવસથી આવી છે. શાંતિદાદા જેવા અદ્‌ભુત સાથીદાર આપ્યા અને યોગીબાપાએ એમની ઓળખાણ કરાવી કે, ‘તમે ગયા જન્મના ભાઈઓ છો, આ જન્મે ભાઈઓ થઈને રહેજો.’ સાહેબ, સાહેબની સાથે શાંતિદાદા અને ઘણા બધા અમારા સંતો-સાથીદારો આપ્યા.

કાકાજી-પપ્પાજીને વિશે યોગીબાપાના જેવો જ ભાવ સાહેબદાદા રાખે એટલે સ્વાભાવિક જ અમને બધાને પણ એવો જ ભાવ થાય. અને એવા જ ભાવથી અમે એમનું સેવન કર્યું છે. મને વ્યક્તિગત રીતે અમારા બધા ભાઈઓમાં પપ્પાજીની નિજ સેવામાં રહેવાનો સૌથી વધારે સમય

મળ્યો છે. મને પપ્પાજીની સેવામાં, બહેનોને લગતી ગુણાતીત જ્યોતની સેવામાં સૌથી વધારે સમય મળ્યો છે. યોગીબાપા સાથે પણ નિજ સેવામાં રહેવાનો આ બધા ભાઈઓની સરખામણીમાં મને સૌથી વધારે સમય મળ્યો છે. સાહેબદાદાની જ કૃપાથી યોગીબાપાની નિજ સેવામાં રહેવાનો લાભ મળ્યો, તેમની જ આજ્ઞાથી પપ્પાજીની, સંતો-ભક્તોની સેવાનો લાભ મળ્યો.

૧૯૭૧માં ૨૩ જાન્યુઆરીએ યોગીબાપા એમની જીવનલીલા સંકેલી લે તે પહેલાં ખુદ પપ્પાજીએ જ યોગીબાપાની મૂર્તિ પાછળ લખીને મને આશીર્વાદ આપ્યા કે, 'સાહેબની સેનાના સેનાની બની અને પારહો મૂકીને ભળો.' 'પારહો મૂકીને ભળો' એ આજ્ઞાનું અર્થઘટન મેં એવું કરેલું કે, હવે મારી રીતે, મને ફાવે, મારા મગજમાં ઊતરે, મારો ભૂતકાળનો અનુભવ; તે બધું મૂકીને હવે શરણાગત ભાવથી સાહેબના શરણમાં રહેવાનું છે. આવો સીધી લીટીનો નિર્દેશ મને પપ્પાજીએ કર્યો એટલે મારા માટે બહુ સલામતી થઈ ગઈ. બાપા ધામમાં ગયા પછી શું ? કોણ ? જુદાં જુદાં બહુ સ્વરૂપો – આપણી ગુણાતીત સમાજની બધી વિવિધ શાખાઓ અને બધાંની સાથેનો અંગત અને ઘનિષ્ઠ પરિચય; પણ એક સીધો જ નિર્દેશ – 'ગુરુહરિ સાહેબદાદાના શરણાગત થવાનો' તેવી અતિશય કૃપા અને મારી રક્ષા થાય એવી આજ્ઞા ને આશીર્વાદ પપ્પાજીએ ૧૧ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ આપ્યાં.

આ પારહો મૂકવાની પણ વાત કરું, તો જ્યારે અમે ૧૯૭૦માં ફૅક્ટરી કરવાનું નક્કી કર્યું ત્યારે 'નથી કરવી' તેમ મેં સાહેબને ઘસીને ના પાડી હતી. મારે અને સાહેબને સંબંધ એવો છે કે, તેઓ કહે એટલે કરવાનું, પણ એની સામે મારે મારો જે વ્યક્તિગત અભિપ્રાય હોય, એ એમની આગળ જણાવી દેવાનો. પછી વર્ષોના અનુભવે તમેય જાણો છો ને હું ય સમજ્યો છું કે, છેલ્લે કરવું તો તેઓ જે કહે છે તે જ પડે છે ! મેં સાહેબને કહ્યું, 'આપણે બધું છોડીને આવ્યા, આપણે છાત્રાલય છોડ્યું, સંસ્થા પણ છોડી, તો હવે આ બધી ઉપાધિ કરવાને બદલે ભગવાન ભજી લઈએ.' તો તેઓ કહે, 'ના કરવું છે.' પછી મેં એવું કહ્યું કે, 'આ પાર્ટનરશીપ ડીડ તૈયાર થાય છે એમાં તમે પાર્ટનર તરીકે સહી કરો. તમે યોગીબાપાના ભાગીદાર તો અમે તમારા ભાગીદાર થઈએ.' પણ બળથી, કળથી, છળથી જેને કામ કરતાં ને કરાવતાં આવડે એમણે ભાગીદાર તરીકે સહી ના કરી અને અમને બધાને ધંધે લગાવી દીધા.

૧૯૮૬માં અમે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર રહેવા આવ્યા. ૧૯૭૬માં અનુપમ મિશન પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયું. સોનાબાના પ્રાગટ્યનો એ દિવસ – શ્રાવણ સુદી બીજ, ૧૩મી ઑગસ્ટ. એ પ્રસંગ પણ એવો થયો કે, જમીન શોધતાં શોધતાં યોગીબાપાએ જે ભૂમિ ઉપર પગલાં કર્યાં છે અને આશીર્વાદ આપ્યા છે, તે ભૂમિ જ યોગીબાપાએ મેળવી આપી, જે આપણી મોગરી, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ! સાહેબદાદા-કાકાજી-પપ્પાજી-સોનાબા બધાંએ એક અવાજે એ જગ્યા પસંદ કરી. ૧૮ ખેડૂતના નાના નાના ટુકડા હતા. અમારા રતિકાકા અને વિઠ્ઠલદાસની મહેનતથી એ ૧૮ ખેડૂતોની સાથે મસલત કરીને દસ્તાવેજ કરવાનું નક્કી થયું એટલે ફરી પ્રશ્ન આવ્યો. આમ તો સાહેબે ફૅક્ટરીની ભાગીદારીની સહી નહોતી કરી, પણ હવે સાહેબ ગુરુ, ગુરુનું સ્થાન, સંસ્થા, સંસ્થાના પ્રમુખ અને હવે સંસ્થાની સૌથી પહેલી મિલકત વસાવવાની આવે છે ત્યારે ટ્રસ્ટના પ્રમુખ જશભાઈ શંકરભાઈ પટેલ – 'સ.દ. પોતે' એમ કરીને તેઓએ સહી કરી.

તમને જાણીને આશ્ચર્ય થશે કે, વડોદરા ચૅરિટી કમિશ્નરની ઑફિસમાં ટ્રસ્ટ રજિસ્ટ્રેશન કરાવવા માટે જશભાઈ શંકરભાઈ પટેલ જાતે ઉપસ્થિત રહ્યા હતા. ચૅરિટી કમિશ્નરે અમને પ્રશ્ન પૂછ્યો કે, ટ્રસ્ટનું ટ્રસ્ટફંડ કેટલું છે ? તે જમા કરો તો ટ્રસ્ટ થાય. કોઈ માલ-મિલકત વગરનું ટ્રસ્ટ કેવી રીતે બને ? અમને આ કાયદા-કાનૂનની કશી ખબર નહિ. પેલા કમિશ્નરે જ સલાહ આપી કે, ઓછામાં ઓછું ૫૦૦ રૂ.નું ટ્રસ્ટફંડ બતાવો તો એની નોંધણી થાય. કોઈ મિલકત હોય તો નોંધણી થાય, મિલકત વગર નોંધણી શેની થાય ? ત્યારે જશુભાઈએ પોતાના પાકીટમાંથી ૫૦૦ રૂ. કાઢીને જમા કરાવ્યા અને અનુપમ મિશનનું ટ્રસ્ટ રજિસ્ટર થયું. એ એક જ જગ્યા એવી કે, જ્યાં એમણે સહી કરી અને જ્યાં એમણે એમના ખીસામાં રાખેલું ધન અર્પણ કર્યું.

૧૯૭૬માં જગ્યા લીધી. દશ વર્ષ શ્રમયજ્ઞ ચાલ્યા. ૧૯૮૬માં ૨૬ જાન્યુઆરીએ અમે ભાઈઓ વલ્લભવિદ્યાનગરનાં ભાડાનાં મકાનો ખાલી કરી બ્રહ્મજ્યોતિ પર રહેવા માટે આવ્યા. સાહેબે એમ કહ્યું કે, 'જ્યાં સુધી પપ્પાજી છે, બા છે, અહીંયાં બહેનોનો આશ્રમ છે, આપણી એ સેવા છે એટલે હું અનુપમમાં રહીશ. તું અને શાંતિભાઈ બધાને લઈને બ્રહ્મજ્યોતિ રહેવા જાવ.' પાંચ યુવા સાધકોની ટુકડી સાહેબ સાથે અનુપમમાં રહી. મોટા પુરુષની દરેક ક્રિયા અને આપણા જીવનમાં બનતા દરેક પ્રસંગો એ કલ્યાણકારી, હિતકારી ને મંગલકારી હોય છે, એ તો જ્યારે એનાં પરિણામો આવે ત્યારે આપણને દેખાય છે. અમને તો એમ હતું કે, આપણી સંસ્થા, આપણી જગ્યા, આપણી રહેવાની વ્યવસ્થા; હવે તો સાહેબ આપણી સાથે રહે. આપણે એમ જ

ઈચ્છીએને ! અને સાહેબ વગર ત્યાં રહેવાનું તે આપણું જીવન શું ? પણ સમય પસાર થતો ગયો, સંજોગો બધા ગોઠવાતા ગયા અને ગુરુહરિ સાહેબદાદા પણ અમારી સાથે સાધુઓના નિવાસ 'પરિમલ'માં આવ્યા. અને એ પછી આખું ચિત્ર ધીરે ધીરે બદલાતું ગયું.

આ બધા પ્રસંગો આપણા માટે સ્મૃતિ કરવાનું, વાગોળવાનું ભાથું છે. મોટા પુરુષે આપણા જીવનમાં શું કર્યું ? શાથી કર્યું ? તે બધા આપણા પોતાના પ્રશ્નોના જવાબ પ્રભુ જ આપણને આપણી સામે આ બધું કરી-કરાવીને, બતાવીને આપે છે. ત્યારે આપણા મનની શંકાઓ ટળે છે, સમાધાન મળે છે અને આપણી દૃઢતા થતી જાય છે. મારા વહાલા ગુરુદેવ સાહેબદાદાનું માહાત્મ્ય દિન-પ્રતિદિન અને ઉત્તરોત્તર વધતું જાય છે.

હમણાં શાંતિદાદાએ યુવતીઓની શિબિરમાં એક બહુ સુંદર નાનું સૂત્રાત્મક વાક્ય આપ્યું હતું - 'સાંભળ્યું અને સ્વીકાર્યું.' મેં એના ઉપર થોડું ચિંતન કર્યું. હમણાં ગુરુહરિ સાહેબદાદાના આશીર્વાદમાં છેલ્લો શબ્દ હતો - 'સહજાનંદ.' આપણા પ્રભુનું નામ છે - સહજાનંદ. અને આપણે જે પ્રાપ્તિ કરવી છે તે સહજાનંદ. સાહેબદાદાએ બધાંને માટે અલગ-અલગ કક્ષાની વાત કરીને મૂળ મુદ્દો - સહજાનંદ તરફ લઈ જવાનો આપણને સૌનેય નિર્દેશ કર્યો છે. પોતે સહજ આનંદની અવસ્થામાં જીવે છે એ પહેલી બાબત. કોઈ કહે કે ના કહે, કોઈનું સર્ટિફિકેટ મળે કે ના મળે, એ પોતે એમના પોતાના જ આનંદમાં, કેફમાં, મસ્તીમાં જે રીતે જીવી રહ્યા છે એને આપણે આપણી બુદ્ધિ, અક્કલ પ્રમાણે સહજાનંદ એમ કહી શકીએ. તેઓ સહજાનંદ છે એમ નથી કહેવાનું - જો જો બફાટ નહિ કરતા. એવો બફાટ સત્સંગમાં ના થાય. એમનું જે સ્ટેટસ છે, એમની જે અવસ્થા છે - મારે-તમારે-આપણે આનંદ માટે કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ, કોઈ વિચારનો આધાર લેવો પડે છે ને ત્યારે આપણને એટલા સમય પૂરતો આનંદ આવે છે અને વળી પાછા આપણે જેવા હતા, એવા ને એવા થઈ જઈએ છીએ. તો સાહેબની સ્થિતિનું બૌદ્ધિક રીતે વર્ણન કરવું હોય તો તેઓ સવારે-બપોરે-સાંજે, શહેરમાં-ગામડામાં, દેશમાં-વિદેશમાં, જાગતાં-ઊંઘતાં, હાલતાં-ચાલતાં, વાત કરતાં-વ્યવહાર કરતાં, અરે ભોજન કરતાં પણ જે છે એનો સહજતાથી એટલો આનંદ માણી રહ્યા છે કે, જેને આપણે 'સહજાનંદની અવસ્થા' એવું બૌદ્ધિક શબ્દો દ્વારા વર્ણન કરી શકીએ. આટલો મારામાં ને એમનામાં ભેદ સમજાય તો એમનો મહિમા સમજાય. મારા જેવા જ હું એમને માનતો હતો ને માનું છું તો પછી કંઈ પ્રાપ્તિ થવાની નથી.

તો સાહેબદાદાએ આશીર્વાદમાં જે કહ્યું, એમાં મુદ્દાની વાત : પહેલામાં પહેલું આપણે સત્સંગીઓએ સમજવાનું કે, આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વોપરી, સર્વવ્યાપી, સર્વનિયંતા, સર્વના કર્તા-હર્તા, હિતકારી ને હેતકારી છે, એમની નિષ્ઠા સૌથી પહેલી પાકી ! એ મારી ઉપાસ્ય મૂર્તિ, મારા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ ! એમનું મારા જીવનમાં, મારા હૃદયમાં સર્વોપરી સ્થાન ! અને મને એ શક્તિ, એ પરમ તત્ત્વ, એ દિવ્યતાનો ભાવ આ મનુષ્ય શરીરના ધોકડાના માધ્યમ દ્વારા ગુરુહરિ સાહેબદાદા દ્વારા પ્રાપ્ત થયાં છે ; આ બીજી વાત ! ત્યાંથી સાહેબદાદા કહે છે તે ઉપાસનાનો આટલો એકડો પાકો કરીને હવે વાત આવે છે, આજ્ઞા ! ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતમાં એમ કહ્યું છે કે, 'ઉપાસના, આજ્ઞા અને સાધુને ઓળખવા એ ત્રણ વાનાં અવશ્ય જોઈએ.' ત્રીજા, સાધુને ઓળખવા. ઓળખવા એટલે સાધુનું માહાત્મ્ય સમજવું. તે કયા સાધુ ? તો મને મળ્યા છે તે, મારી નિકટ છે તે, જેમની સાથે મને મૂક્યો છે તે ! અને પછી જો તેમની આજ્ઞામાં રહીશું તો ધર્મ, નિયમ, વ્રત, દાન, તપ સર્વે આવી જાય છે ; આવું અનાદિ બ્રહ્મ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી કહી ગયા છે.

આ ચોખ્ખીચટ, સીધીસટ ને એકદમ સ્પષ્ટ વાત છે. પછી બીજું કંઈ આઘું-પાછું, ઊંચું-નીચું, બહાર-અંદર કશું કરવાનું રહેતું નથી. અને એ અનુસંધાન પર લાવવા માટે આપણે આજ્ઞાની શાસ્ત્રમાન્ય વાત કરીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણે શું કહ્યું છે ? તો આજ્ઞાનાં બે વચનામૃત : સૌથી પહેલાં - ગઢડા પ્રથમ પ્રકરણનું છઠ્ઠું વચનામૃત અને બીજું વચનામૃત - ગઢડા પ્રથમ પ્રકરણનું સોળમું વચનામૃત. બંને એક એક ફકરાનાં વચનામૃત છે.

સાહેબદાદાએ આપણને કેટલીક બાબતોની ટકોર કરી. આહાર-વિહાર, આચાર-વિચાર શુદ્ધ રાખવા ! આ પ્રાથમિક શુદ્ધિની વાત કરી તેઓએ પૂછ્યું, 'ફાકી-મસાલો કોણ ખાય છે ?' હું પહેલી વખત શિબિરમાં આવેલા ભક્તરાજને ધન્યવાદ આપું છું કે, પ્રભુની હાજરીમાં, પ્રભુની સાક્ષીએ, ગુરુના વચને પ્રામાણિકતાથી એમણે હાથ ઊંચો કરીને કહ્યું કે, 'હું ખાઉં છું.' હું જાણું છું, હું સમજું છું, આવું ના કરવું જોઈએ પણ તોય થઈ જાય છે. આ સાધુ પાસે પ્રામાણિકપણે નિષ્કપટ રહ્યા કહેવાય. સાહેબદાદાએ પૂજાનું અને કંઠીનું પણ પૂછ્યું. આવી નાની નાની બાબતોથી સાહેબે આપણને એકડે એકથી એકડો ઘુંટાવ્યો. આધ્યાત્મિક પગથિયાં તરીકે આહાર-વિહાર, આચાર-વિચાર અને છેલ્લું સાહેબદાદાનું સૂત્ર છે - થિન્ક પૉઝિટિવ ! સાહેબદાદાએ

આશીર્વાદ આપ્યા કે, 'તમે જો ભગવાનનું કામ કરશો તો ભગવાન તમારું કામ કરી દેશે, ચિંતા ના કરશો.' અઠવાડિયે એક દિવસ એક કલાક અને જવા-આવવાનો સમય એમ બે-ત્રણ કલાક ભગવાનના ખાતે જે નિયમિત સમય કાઢશે તો ભગવાન એના માટે સમય કાઢશે; એ ખાતરીના આશીર્વાદ પણ સાહેબદાદાએ આપ્યા.

સ્વામિનારાયણ ભગવાને 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત'માં સાધુના ધર્મ અને ગૃહસ્થીના ધર્મની વાત સરસ સમજાવી છે. ત્યાગી અને ગૃહીનો મેળ નથી, કલ્યાણ સૌનું સરખું છે, પ્રાપ્તિ સૌની સરખી છે અને આનંદની અનુભૂતિ પણ સૌને સરખી જ થવાની છે. આ બ્રહ્મ-આનંદનું જે સુખ છે તે સૌનેય એક સરખું આવવાનું છે. પણ ત્યાં પહોંચવા સુધીનો જે પ્રૉસેસ છે એ સૌનો પોતપોતાનો ને અલગ અલગ છે, એની સંપૂર્ણ સ્વૈચ્છિક સ્વતંત્રતા આપી છે. આધ્યાત્મિક ઈતિહાસમાં આવો સાધનામાર્ગ કદી ન હતો, હવે પછી થશે કે નહિ તેની ખબર નથી, પણ વર્તમાનકાળે આપણને મળ્યો છે એના જેવી અદ્‌ભુત બીજી એક પણ વાત નથી ! આ વાતને પાયામાંથી સમજવા માટે આહાર-વિહાર, આચાર-વિચાર આ બાબતો ઉપર ચિંતન કરજો. તિલક-ચાંદલો કરજો. ગળામાં કંઠી પહેરજો, રોજ પૂજા કરજો-ધૂન કરજો, માતા-પિતાને સવારે પ્રણામ કરજો. ઘરની બહાર નીકળો ત્યારે ઘરમંદિરના શ્રી ઠાકોરજીને પ્રણામ કરી, પગે અડીને-ચરણસ્પર્શ કરી પગે લાગજો. આવી બહુ પાયાની વાતો સાહેબદાદાએ કરી છે. બાળમંડળની શિબિરમાં કરે છે, યુવક મંડળની શિબિરમાં કરે છે, સત્સંગસભામાં પણ કરે છે, અને એમ કહે છે, 'મારા ઈષ્ટદેવ, મારા ગુરુ અને મારાં માતા-પિતા રાજી ના થાય એવું મારે કશું કરવું નથી, બાકી જે કરવું હોય તે કરવાની છૂટ છે.' એમની ભાષામાં આ બધી જ સ્વૈચ્છિક સ્વતંત્રતા આપણને મળી છે.

પણ પાયો, મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન, મારા ગુરુ - ગુરુહરિ સાહેબદાદા અને ત્રીજું મને જન્મ આપનારાં જન્મદાતા, પાળીપોષીને મોટા કરનારાં, લાડકોડ ને પ્રેમ આપનારાં મારાં માતાપિતા! જે વ્યક્તિને પોતાનાં પાલક-પોષક માતા-પિતા, ભાઈ, ભાંડુ, પરિવારજનો માટે પ્રેમ નથી, માન-સન્માન નથી, એ સંપ, સુહૃદભાવ ને એકતાની વાત સમજી જ કેવી રીતે શકશે ? આપણું સૂત્ર છે : 'સંપ, સુહૃદભાવ ને એકતા, સાહેબદાદાની પ્રસન્નતા.' પણ એનો પાયો આ છે.

આ યુવા શિબિર છે, સક્રિય કાર્યકર્તાઓની, મંડળ સંચાલકોની અને સત્સંગના વડીલોની શિબિર છે. અને બધા સાધુઓ પોતાના જીવન-અનુભવની વાતો કરી રહ્યા છે. એટલે અહીં શિબિરમાં જે સાંભળ્યું એ તમે સમજ્યા અને જો સમજ્યા હોય તો ત્રીજું પગથિયું છે, તમે એનો સ્વીકાર કરો. કારણ કે, તમે જો સ્વીકાર્યું નહીં હોય તો એ આચરણમાં આવશે નહીં. અને જો સ્વીકાર્યું હોય તો એનું હવે સતત સ્મરણ રાખવાનું છે, સ્મૃતિ કરવાની છે કે, 'સાહેબદાદાએ, શાંતિદાદાએ, મનોજભાઈએ શિબિરમાં શું કીધું ?'

જ્યારે આવી શિબિરો પૂરી થાય ત્યારે સાહેબદાદા આપણને એક સંદેશો આપે છે કે, 'આ જે વાતો અહીં સાંભળી છે એ હવે તમારા ઘરે, તમારા મંડળમાં જઈને એનાં મહિમાગાન કરજો, એની તમે ગોષ્ઠિ કરજો.' મહિમાગાન એ તમારા પોતાના માટેનો સ્વાધ્યાય છે. આપણે કહીશું તો આપણને થશે કે, હું જે કહું છું, એવું હું કરું છું ખરો ? સાહેબદાદાએ કહ્યું, 'માત્ર બોલો નહીં, વર્તો.' પણ એનો પહેલો પાઠ આવે છે, 'બોલો તો ખરા.' એટલે જો સ્વીકાર્યું હોય તો સતત એની સ્મૃતિ કરો. સ્મૃતિ કરશો એટલે વણસંભારે સાંભરી આવશે.

મેં આપની સૌની વચ્ચે મારો આ આનંદ વહેંચ્યો છે. અને ગુરુહરિ સાહેબદાદાએ કહ્યું એમ, છેલ્લે તો આપણે સૌનેય સહજાનંદની-સહજ-આનંદની પ્રાપ્તિ કરવી છે. આ બહુ અદ્‌ભુત સ્થિતિ છે, બહુ અદ્‌ભુત પ્રાપ્તિ છે ! જે આપણને સહજ, સ્વાભાવિક, રમતાં-જમતાં ને આનંદ કરતાં પ્રાપ્ત થઈ છે. સંન્યાસી હોય કે સંસારી હોય, સાહેબદાદા મને ગમે છે, તો એમને જે ગમે છે એ પ્રમાણે મારે મારા જીવનને મઠારવું એ આ શિબિરનો હેતુ છે. એમણે જે કહ્યું, એ પ્રમાણે થોડુંક પણ રોજિંદા જીવનની આચરણની પ્રૅક્ટિસમાં લાવવું એ આ શિબિરનો હેતુ છે. અને એ દ્રઢાવ ને એમના આશીર્વાદ સાથે જ્યારે આપણે ૨૩ તારીખે અહીં મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાનો પાટોત્સવ ઊજવીશું, ત્યારે આપણા હૃદયમાં, આપણી પાંચેય ઈન્દ્રિયોના ભાવમાં ને જેના માધ્યમ દ્વારા આપણે સંસારનાં સુખ લઈએ છીએ તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સઘળાય ભાવોમાં ભગવાનને પ્રતિષ્ઠિત કરવા છે; એ ભાવ સાથે ઊજવીશું.

આ પળ, આ ક્ષણ અને હવે પછીનું જીવન ગાફલાઈમાં વેડફવું નથી. જે વાત સાંભળી, જેને સમજ્યા, જેનો મેં સ્વીકાર કર્યો છે એને હવે મારે જીવન-આચરણમાં-પ્રૅક્ટિસમાં મૂકીને, સતત એના અનુસંધાને જ સ્મૃતિ સહિત જીવવું છે; એવો આપણા સૌનોય સંકલ્પ સાકાર થાય અને એમના રૂડા આશીર્વાદ, શાંતિદાદા જેવા સદ્‌ગુરુ સંતોનો સ્નેહ, પ્રેમ અને હૂંફથી આપણે સૌ સાથે મળીને આ લક્ષ તરફ આગળ વધીએ એ માટેની બુદ્ધિ, શક્તિ, ભક્તિ અને સદ્‌ગતિ આપે એ જ મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆




# ઉપાસના શુદ્ધ તો પ્રાપ્તિ પૂર્ણ !

## દ્વિદિવસીય યુવતી શિબિર

**સંતભગવંત** સાહેબદાદાના રૂડા સંકલ્પ અને દિવ્ય પ્રેરણાથી યુવતીઓનાં ચારિત્ર્યઘડતર અને સત્સંગની શુદ્ધ ઉપાસનાની સમજણને દૃઢ કરાવવા કાજ અનુપમ મિશન, મોગરી મુકામે ૧૬ અને ૧૭ માર્ચ ૨૦૨૨ દરમિયાન દ્વિદિવસીય યુવતી શિબિરનું આયોજન થયું. અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાંથી ૧૩૫ જેટલી યુવાન દીકરીઓ અને ૫૦ જેટલાં યુવાન ગૃહસ્થ બહેનોએ આ શિબિરમાં અત્યંત ભક્તિભાવે ભાગ લીધો.

શિબિરનો મુખ્ય વિષય 'ઉપાસના શુદ્ધ તો પ્રાપ્તિ પૂર્ણ !' હતો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબદાદાનાં બ્રહ્મવચન સમા સંપ, સુહૃદભાવ, એકતા, નિર્દોષબુદ્ધિ અને ઉપાસનાની પાયાની વાતોને યુવતીઓના જીવનમાં દૃઢ કરાવવા જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરી સહજ-આનંદ સાથે જ્ઞાન પિરસાયું.

૧૬ માર્ચની શુભ સવારે શિબિરનો શુભારંભ થયો. સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિદાદા, પૂ. હર્ષદદાદા અને અન્ય વડીલ સંતોના દિવ્ય સાંનિધ્યે શિબિરનો શુભારંભ દીપપ્રાગટ્ય દ્વારા કરાયો. પ્રથમ દિવસે સભાના પ્રારંભે સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ 'સંપ, સુહૃદભાવ, એકતા... સાહેબદાદાની પ્રસન્નતા' વિષયને અનુરૂપ સૌ યુવતીઓને જીવનમાં સૌ સાથે હળીમળીને સેવા કરવા સમજણ પ્રદાન કરી. તેઓએ જણાવ્યું કે, "આપણે જીવનમાં સ્વભાવને નહિ પરંતુ સાહેબદાદાને આધીન થઈને જીવવું છે. સંપથી રહીએ તો અવશ્ય બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય. પ્રભુની દીકરી છું, એવા ભાવથી ગુરુમય જીવન જીવવું. ઘરમાં માતા સાથે સુસંવાદિતા રાખવી. ઘર એ ઉત્તમ શાળા છે ને માતા એ ઉત્તમ શિક્ષક." આમ ઉત્તમ સમજણનું ભાથું તેઓએ પીરસ્યું. ત્યારબાદ ભાવિશાબહેન અને પૂર્વીબહેન દ્વારા પ્રાસંગિક માહાત્મ્ય-દર્શન કરાવવામાં આવ્યું.




યુવતી શિબિરમાં કૃપાશિષ વરસાવતા સાહેબજી અને સદ્ગુરુ સંતો

સંતભગવંત સાહેબદાદાએ સર્વ દીકરીઓને ચારિત્ર્યઘડતર અંગે બહોળી સમજણ પૂરી પાડતાં કહ્યું કે, "યુવાની એ ચારિત્ર્યઘડતરનો શ્રેષ્ઠ સમય છે. જો યુવાનીમાં સમજદારી દાખવીએ તો જીવનભર સુખી થવાશે. ઉપાસના શુદ્ધ હશે તો આપણું ચારિત્ર્ય આપોઆપ ખીલી ઊઠશે." વધુમાં સાહેબદાદાએ ઉપાસનાના પાંચ અણમોલ સિદ્ધાંત "ભગવાન સર્વોપરી, સર્વ કર્તા-હર્તા, પ્રેરક અને નિયંત્રક, સાકાર અને પ્રગટ, તેમની અક્ષરરૂપે ભક્તિ કરવી અને તેમનાં સંબંધીને નિર્દોષ ને દિવ્ય માનવાં."



આશીર્વાદ : સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદા



ભાવિશાબહેન ટેલર

બપોર પછી સાહેબદાદાની આજ્ઞાથી ગોષ્ઠિનો અદ્‌ભુત કાર્યક્રમ યોજાયો. યુવતીઓના મનમાં ચાલતા આધ્યાત્મિક, પારિવારિક, માનસિક, સામાજિક પ્રશ્નોનું માર્ગદર્શન સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતો અને વડીલ બહેનો પાસેથી મળી રહે તે ઉદ્દેશ્યથી આ કાર્યક્રમ યોજાયો. સૌના પ્રશ્નોનાં અધ્યાત્મપૂર્ણ સમાધાન મેળવી સૌએ અનુપમ સંતોષની ધન્યતા વ્યક્ત કરી. સાંજે બ્રહ્માનંદનો કાર્યક્રમ યોજાયો, જેમાં સંપ, સુહૃદભાવ, એકતા અને નિર્દોષબુદ્ધિ સૌ દીકરીઓનાં જીવનમાં ચરિતાર્થ થાય તે ભાવ સાથે જુદી જુદી રમત-ગમતનું આયોજન થયું. આમ જ્ઞાનગમ્મત કરતાં કરતાં શિબિરનો પ્રથમ દિવસ પૂર્ણ થયો.

૧૭ માર્ચ-શિબિરના દ્વિતીય દિનનો પ્રારંભ કીર્તનભક્તિ અને જપયજ્ઞથી થયો. સવારની સભા પ્રારંભે જુદા જુદા પ્રદેશની દીકરીઓએ સાથે મળીને નૃત્યભક્તિ દ્વારા સંતભગવંત સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોનું સ્વાગત કર્યું. આજની સભામાં વિષય હતો - નિર્દોષબુદ્ધિ ! સૌ પ્રથમ સદ્‌ગુરુ પૂ. શાંતિદાદાએ નિર્દોષબુદ્ધિને વ્યાખ્યાયિત કરતાં જણાવ્યું કે, "નિર્દોષબુદ્ધિ એટલે આપણને મળ્યા તે મહારાજ દિવ્ય છે અને તેઓ જે સંત દ્વારા પ્રગટ છે તેમને દિવ્ય અને નિર્દોષ માનવા તે નિર્દોષબુદ્ધિ ! તેમનાં સંબંધી પણ નિર્દોષ મનાય તો આધ્યાત્મિક શાંતિ, સુખ અને આનંદની અનુભૂતિ થાય; એ શ્રેષ્ઠ અવસ્થા છે ! બુદ્ધિનો સ્વભાવ છે નિરીક્ષણ અને પરીક્ષણ કરવાનો, જ્યારે આત્માનો સ્વભાવ છે ગુણ જોવાનો ! આપણે ગુણ જોવા, સાંભળવા ને ગાવા !" આ ઉપરાંત નિર્દોષબુદ્ધિયુક્ત સેવા કરવાની ખૂબ ઉમદા સમજણ તેઓએ પૂરી પાડી. ત્યારબાદ જુદાં જુદાં વક્તાઓ રીમાબહેન (જસદણ), દીપ્તિબહેન (અમદાવાદ), નિકેતાબહેન (મોગરી), ડૉ. અમીબહેન (અમદાવાદ) અને ક્રિષ્નાબહેન ગોસ્વામી (કરમસદ) દ્વારા માહાત્મ્યદર્શન કરાવવામાં આવ્યું. ત્યારબાદ સાહેબદાદાના પ્રાગટ્યપર્વની ઉજવણીના ભાગરૂપે દીકરીઓ અને યુવાન ગૃહસ્થ બહેનોએ સ્વબચત દ્વારા એકત્ર કરેલ સેવા તથા વિશિષ્ટ સ્મૃતિભેટ સંતભગવંત



ડૉ. પૂર્વીબહેન પરમાર



નિકેતાબહેન પંચાલ







શિબિર દરમિયાન સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને વડીલો સાથે શિબિરાર્થીઓની આધ્યાત્મિક ગોષ્ઠિ

સાહેબજીના શ્રીચરણે અર્પણ કરી ભક્તિ અદા કરી. ત્યારબાદ સૌને સાહેબદાદાની અમૃતવાણીનો લાભ પ્રાપ્ત થયો. સાહેબદાદાએ સૌ દીકરીઓને નિર્દોષબુદ્ધિના ફગવા પીરસ્યા. સાહેબદાદાએ નિર્દોષબુદ્ધિની વાત કરતાં જણાવ્યું કે, “સત્પુરુષ સાથે હેત થાય તો તેમને રાજી કરવાનો ભાવ જાગે અને આ ભાવથી જ નિર્દોષબુદ્ધિ પ્રગટે. પ્રીતિનું લક્ષણ એટલે સત્પુરુષ કહે તેમ કરે તે ! સત્પુરુષમાં હેત હશે તો તેમનામાં દિવ્યભાવ, નિર્દોષભાવ સહજ રહેશે, તેના માટે પ્રયત્ન નહીં કરવો પડે !”



આશીર્વાદ : સદ્ગુરુ પૂ. શાંતિદાદા



કલાત્મક સ્મૃતિભેટ અર્પણ

બપોર પછી સામૂહિક ધૂન, પ્રદક્ષિણા અને આરતીનું આયોજન થયું.

સાંજે સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે યુવતીઓ દ્વારા ‘તને રુદિયામાં રાખવાના ઓરતા’ના ઉમદા ભાવ સાથે પ્રાર્થના સ્વરૂપી કીર્તન-ભક્તિ રજૂ થઈ. સંતપ્રીતિ, સંતઆજ્ઞા, ભક્તોમાં સુહૃદભાવ, સૌમાં નિર્દોષભાવ રાખી ગુરુહરિમાં અદ્વૈત થવાની ભાવનાની સમજણ આપતી આ કીર્તન આરાધનાનાં જીવંત પ્રસારણ પણ ડિજિટલ માધ્યમ દ્વારા કરાયાં. આવા ભાવ જીવન-આચરણમાં આવે તો ગુરુહરિ હૃદયે સદાય નિવાસ કરીને રહે. આ ભાવને દીપ્તિબહેન દેસાઈ અને દ્યુતિબહેન બૂચનાં માર્ગદર્શન હેઠળ અનુપમ ઈન્ટરનેશનલ યુવતી મંડળની ૧૫થી વધુ યુવતીઓએ કીર્તન આરાધનામાં અદ્‌ભુત શૈલી સાથે પ્રસ્તુત કર્યા.



ડૉ. અમીબહેન પટેલ



રીમાબહેન છાયાણી



દીપ્તિબહેન દેસાઈ



ક્રિષ્નાબહેન ગોસ્વામી



નૃત્યભક્તિ સાથે સંતભગવંત સાહેબજી અને સંતોનાં સ્વાગત

સમગ્ર શિબિર દરમિયાન સંતભગવંત સાહેબદાદાએ સૌ દીકરીઓ પર પ્રસન્નતાપૂર્ણ અનુપમ આશિષની વર્ષા કરી. સ્વાદિષ્ટ ભોજન, રમત-ગમત અને સત્સંગના બ્રહ્માનંદની અનુભૂતિ કરાવતી આ શિબિર સૌ માટે પથદર્શક બની રહી. શિબિરના ઉપદેશ સૌનાં જીવન આચરણમાં આવે તેવી પ્રાર્થનાઓ સાથે શિબિરની પૂર્ણાહુતિ થઈ. ◆



શિબિરાર્થીઓ દ્વારા માહાત્મ્યસભર કીર્તનભક્તિ અર્પણ



આશીર્વાદ : સંતભગવંત સાહેબજી



# મારા ગુરુ સાહેબદાદા !

## ત્રિદિવસીય યુવક શિબર

**ઉપાસના ધામ**, વેમાર સ્થિત મંદિરની મૂર્તિઓના છઠ્ઠા પાટોત્સવ અને સંતભગવંત સાહેબદાદાના ૮૩મા પ્રાગટ્યદિન નિમિત્તે વેમારમાં ૨૦, ૨૧, ૨૨ માર્ચ દરમિયાન યુવાનો માટે માર્ગદર્શન આધ્યાત્મિક શિબિર, કીર્તન આરાધના, પ્રવાસ આદિ ભક્તિભર્યા કાર્યક્રમોનાં ભવ્ય આયોજન થયાં.

સંતભગવંત સાહેબદાદા, સદ્ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાના સાંનિધ્યમાં સંતો અને મુંબઈથી મોરબી સુધીના વિવિધ પ્રદેશોમાંથી પધારેલ યુવાનો–ભક્તોએ તેમજ ઈંગ્લેન્ડ અને અમેરિકાના પ્રતિનિધિ ભક્તોએ આ ભક્તિભર્યા કાર્યક્રમોનો ખૂબ સુંદર લાભ લીધો.

ભક્તિ, સેવા અને સમર્પણની પ્રેરક ભૂમિ – ઉપાસના ધામ, વેમારમાં સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતો પધારતા હતા તેથી સૌના હૈયે અપૂર્વ આનંદ છલકાતો હતો. ૨૦ માર્ચ ૨૦૨૨ની મંગળ પ્રભાતે વેમારના ભક્તોએ ગુરુહરિને વધાવી સ્વાગતભાવ ધર્યા તેમજ શિબિરાર્થી સૌએ સંતભગવંત સાહેબજીને સ્વાગતવંદના ધરી. સંતો અને શિબિરાર્થીઓ મંદિરના પ્રારંભકક્ષમાં બિરાજમાન શ્રી નીલકંઠ વર્ણીજીની મૂર્તિને પ્રણામ કરી, અભિષેક વંદના ધરી મુખ્ય વિશાળ હૉલમાં પધાર્યા ત્યારે હૉલમાં પધરાવેલી સંભગવંત સાહેબજીની દર્શનરમ્ય કલાત્મક પ્રતિકૃતિએ સૌનાં મન મોહી લીધાં. વેમારમાં વર્ષ ૨૦૧૬માં ઉપાસના



સદ્ગુરુ પૂ. મનોજદાસ



સાધુ પૂ. સરજુદાસ



ચેતનભાઈ વ્યાસ



ઘનશ્યામભાઈ પાઠક



સાધુ પૂ. ગૌતમદાસજી

ધામનાં મુક્તાર્પણ પ્રસંગે પૂ. ગુરુજી-મુકુન્દજીવન સ્વામીજી દ્વારા અર્પણ કરવામાં આવેલ આ કલાત્મક કૃતિ અદ્ભુત અને બેનમૂન છે !

સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે સદ્ગુરુ સંતો, શંકરભાઈ, ચંદ્રકાંતભાઈએ દીપપ્રાગટ્ય દ્વારા શિબિરનો આરંભ કરાવ્યો. સવારે પ્રથમ સત્રમાં સદ્ગુરુ પૂ. મનોજદાસે 'શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો વ્યાવહારિક જીવનમાં અમલ' વિષય પર સુંદર અને તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું. આખા સત્રનો પૂરો સમય તેઓએ લાભ આપ્યો, જે મહામૂલો હતો. તેઓનાં માર્ગદર્શન મેળવી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, એ મોક્ષ પ્રાપ્તિ માટેનો સર્વશ્રેષ્ઠ રાજમાર્ગ છે અને તેનાં આચરણ સહજ કરી શકાય તેની કૂંચીરૂપ માર્મિક જ્ઞાન મેળવીને યુવાવર્ગે અત્યંત ધન્યતાની લાગણી વ્યક્ત કરી. ત્યારબાદ સંતભગવંત સાહેબજીએ કૃપાશિષ વરસાવી, જે પામી સૌ શિબિરાર્થીઓએ ધન્યતાની લાગણી અનુભવી. *(સાહેબદાદાના આ આશીર્વાદ આ અંકના 'સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા' વિભાગમાં સમાવ્યા છે.)*

૨૦ માર્ચે સાંજે-દ્વિતીય સત્રમાં તેમજ ૨૧ માર્ચે સવાર અને સાંજનાં બંને સત્રમાં 'મારા ગુરુ સાહેબદાદા' વિષય પર સંતો અને ભક્તોએ પોતાના જીવનના મનનીય પ્રસંગો જણાવી, સૌને સંતભગવંત સાહેબદાદાનો મહિમા ગાઈ, તેઓ રાજી થાય તેવું જીવન જીવવા પ્રેરણા આપી. ૨૦ માર્ચે સાંજે સભામાં અમદાવાદના યુવાન ઘનશ્યામભાઈ પાઠક, સાધુ પૂ. ગૌતમદાસજી અને યુવાન સાધુ પૂ. સરજુદાસે માર્ગદર્શક માહાત્મ્યગાન કર્યાં.

૨૧ માર્ચે સવારના સત્રમાં યુવાન સાધુ પૂ. રવિદાસ, સાધુ પૂ. પરેશદાસે માર્ગદર્શન પ્રદાન કર્યાં, તેમજ યુવાનેતાઓ રાજુભાઈ ગોટી (સુરત), આશિષભાઈ પટેલ (વડોદરા), પ્રકાશભાઈ પટેલ (અમદાવાદ), ઋત્વિકભાઈ (રણજિતપુરા)એ પ્રાસંગિક માહાત્મ્ય ઉદ્બોધન કરી સૌને સાહેબમય કર્યાં. ત્યારબાદ સદ્ગુરુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદની હેલી વરસાવી. *(જે આ અંકના 'અનુપમની હે અમૃતધારા' વિભાગમાં સમાવી છે.)*

સાંજના સત્રમાં યુવાન સાધુ પૂ. હાર્દિકદાસ, સાધુ પૂ. મણિદાસ, સાધુ પૂ. ઉત્પલદાસ, આદર્શ વડીલો શંકરભાઈ, ચંદ્રકાંતભાઈ તેમજ



ઉપાસના ધામ વેમારમાં શોભાયમાન સાહેબજીની કલાત્મક પ્રતિકૃતિ



સદ્ગુરુ પૂ. શાંતિદાદા



સદ્ગુરુ પૂ. અશ્વિનદાદા



આશિષવર્ષા : સંતભગવંત સાહેબજી




ચંદ્રકાંતભાઈ પટેલ


રોહનભાઈ પટેલ


આશિષભાઈ પટેલ


રાજુભાઈ ગોટી


શંકરભાઈ પટેલ


સાધુ પૂ. ઉત્પલદાસ


સાધુ પૂ. પરેશદાસ


સાધુ પૂ. મણિદાસ


સાધુ પૂ. રવિદાસ


સાધુ પૂ. હાર્દિકદાસ

યુવાનેતાઓ બ્રિજભાઈ પટેલ (પૂણે), રોહનભાઈ પટેલ (અંકલેશ્વર) આદિએ માહાત્મ્યગાન કરી સંતભગવંત સાહેબજીના યથાર્થ મહિમાનાં દર્શન કરાવ્યાં. સમગ્ર શિબિરની સભાઓનું સંચાલન અત્યંત માહાત્મ્યપૂર્ણ ભાવે અમદાવાદના ચેતનભાઈ વ્યાસે કર્યું.

૨૧ માર્ચે રાત્રે યુવાનો દ્વારા ભક્તિસભર ભવ્ય કીર્તન-આરાધના અર્પણ થઈ, જેમાં વિવિધ મંડળના સૂરવૃંદના ભક્તોએ સુંદર લાભ આપ્યો. ૨૨ માર્ચના રોજ સ્ટેચ્યૂ ઑફ યુનિટીના પ્રવાસનું બ્રહ્માનંદસભર આયોજન થયું. સંતોના સાંનિધ્યે આવા આનંદને માણી સૌ શિબિરાર્થીઓ અત્યંત રાજી થયા.


૨૩ માર્ચે વહેલી સવારે ઉપાસના ધામની મૂર્તિઓના છઠ્ઠા પાટોત્સવની સુંદર વિધિ થઈ. જેમાં વિવિધ મંડળના પ્રતિનિધિઓ યજમાન તરીકે બિરાજમાન થયા. આચાર્યોએ માહાત્મ્યપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે પાટોત્સવ પૂજન કરાવ્યાં. ભક્તો પણ પ્રભુનાં શ્રીચરણ પખાળી ધન્ય થયા. પાટોત્સવ બાદ સંતભગવંત સાહેબદાદાના ૮૩મા પ્રાગટ્યદિનની સભા થઈ, જેમાં વિવિધ મંડળોના પ્રાદેશિક સંતો અને ભક્તોએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સભાને અંતે સદ્ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબદાદાના સૌને આશીર્વાદ પ્રાપ્ત થયા.

ચાર દિવસના આ ઉત્સવમાં વેમારના ભક્તોએ ખૂબ મહિમા અને ઉત્સાહથી સાધુ પૂ. સતીશદાસ, સાધુ પૂ. મણિદાસનાં માર્ગદર્શન મુજબ સઘળાં આયોજન કર્યાં. વિવિધ પ્રકારની વાનગીઓ સાથેના મહાપ્રસાદ, ઉતારાની ઉત્તમ વ્યવસ્થા, સભાઓનાં સુંદર આયોજન દ્વારા વેમાર અને વડોદરાના ભક્તોએ સૌને આવાં સુંદર આયોજનની પ્રેરણા આપી. સંતભગવંત સાહેબદાદાએ સૌ પર ખૂબ રાજીપો વરસાવ્યો. ◆


બ્રિજભાઈ પટેલ


ઋત્વિકભાઈ


પ્રકાશભાઈ પટેલ


આશીર્દાન : સંતભગવંત સાહેબજી


યુવાનો દ્વારા ભક્તિસભર ભવ્ય કીર્તન આરાધના અર્પણ

# સત્સંગ સમાચાર

### સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

*** ગુરુસભા :** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં દર ગુરુવારે યોજાતી યુવાનોની સત્સંગસભામાં સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ કરવામાં આવી. આ ઉજવણીમાં સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો, વ્રતધારી સંતોની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ અને સ્થાનિક અક્ષરમુક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા. 'સૌના વહાલા સાહેબદાદા' એ કેન્દ્રવર્તી વિષયને અનુસંધાને સભામાં બાળકો, યુવાનો, યુવાન ગૃહસ્થો, યુવાન સંતો ને વડીલ સંતો એમ પાંચેય વિભાગના પ્રતિનિધિઓ દ્વારા ભક્તિભાવ અર્પણ થયા અને માહાત્મ્ય દર્શન કરાવાયું. આ જ ભાવને યુવાનોએ અત્યંત આકર્ષક સુશોભન તેમજ સંગીતની સંવાદિતા દ્વારા પણ પ્રગટાવ્યો.

'સાહેબદાદા' નામના અક્ષરો દ્વારા સંતભગવંત સાહેબજીના મહિમા અને વિવિધ ગુણોને વ્યક્ત કરવાનો સુંદર ભક્તિભર્યો પ્રયત્ન સૌએ કર્યો. 'સા' એટલે સાધુતા, 'હે' એટલે હેત, 'બ' એટલે બળ, 'દા' એટલે દાતા અને 'દા' એટલે દાસત્વ. યુવાનો વતી નીરવ પટેલે સાધુતા પર પદ્યશૈલીમાં ગુણગાન ગાયાં. બાળકો વતી યોજશ પટેલે સંતભગવંત સાહેબજીના અપાર જનનીસમ હેતનું વર્ણન કર્યું. વ્રતધારી સંતો વતી સાહેબદાદાએ સૌને સદૈવ આપેલ બળની હૃદયસ્પર્શી રજૂઆત સાધુ પૂ. યજ્ઞેશદાસે કરી. નિર્વ્યાજ પ્રેમના દાતા સંતભગવંત સાહેબજીએ આપેલ અપાર સુખ, શાંતિ અને આનંદની મહિમાપૂર્ણ વાતો તથા તેને અનુરૂપ કીર્તન યુવાન ગૃહસ્થ રાહુલ પટેલે રજૂ કર્યું. સંતભગવંત સાહેબજીની પરમ દાસત્વ અવસ્થાની છણાવટ યુવાન સાધુ હાર્દિકદાસે કરી. માત્ર ૬ વર્ષના બાળતારલા વિહાન પટેલે બાળસહજ નિર્દોષતા સાથે સંતભગવંત સાહેબજીના અલૌકિક પ્રેમ ને કલ્યાણકારી જીવનની વાત કરી સૌને પોતાની આગવી વાક્ છટા દ્વારા સાહેબજીના મહિમામાં મુગ્ધ કરી દીધાં.

આ પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના નવનિયુક્ત કાર્યકારી કુલપતિ ડૉ. નિરંજનભાઈ પટેલનું સન્માન કરાયું. તેઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંતભગવંત સાહેબજીનાં દર્શન અને સમાગમનો આનંદ વ્યક્ત કર્યો. સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા ને પૂ. અશ્વિનદાદાએ યુવાનોની ભક્તિને બિરદાવી આશીર્વાદ વરસાવ્યા. આ પ્રસંગે પાંચેય વિભાગના સભ્યોએ પુષ્પગુચ્છ, સ્વસર્જિત કલાત્મક ભેટ, આર્થિક સેવા અને શુભેચ્છા કાર્ડ્સ અર્પણ કરી હૃદયવંદના ધરી. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને ધન્ય કર્યાં.

*** અનુપમ મિશન ઈન્ટરનેશનલ બાળસભા :** બાળસભાના 'અનુપમ યોગી બાલવૃંદ' દ્વારા સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વની ભક્તિભાવપૂર્ણ ઉજવણી ડિજિટલ માધ્યમથી ૨૬ માર્ચના રોજ કરવામાં આવી. દેશ-પરદેશનાં બાળકો દ્વારા 'સંપ, સુહૃદભાવ, એકતા-સાહેબદાદાની પ્રસન્નતા' વિષયક ચોટદાર પ્રસ્તુતિ સૌનાં હૃદયને સ્પર્શી ગઈ.

કાર્યક્રમના આરંભે વિવિધ પ્રદેશોનાં બાળ ભૂલકાંઓએ સાહેબજી મહિમા સ્તોત્રમ્‌નાં ગાન કર્યાં. સુમધુર રાગ ને ઢાળ સાથે બાળછટામાં ગવાયેલ આ સ્તોત્રને સાંભળી સૌનાં મનડાં મહિમાથી છલકાઈ ઊઠ્યાં. ત્યારબાદ સંપ, સુહૃદભાવ અને એકતાની સંતભગવંત સાહેબજી તેમજ સદ્‌ગુરુ સંતોએ આપેલી સમજ અનુરૂપ પ્રસંગોનાં વર્ણન કરતા અદ્‌ભુત સંવાદની પ્રસ્તુતિ કરવામાં આવી. ઐતિહાસિક આધ્યાત્મિક પ્રસંગો,




ગુરુસભામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ



ઈન્ટરનેશનલ બાળસભામાં બાળકો માટેની નૂતન વેબસાઈટનાં મુક્તાર્પણ

યોગીજી મહારાજની બોધકથાઓ, સાહેબદાદાના પ્રેરણાદાયી જીવનપ્રસંગો અને શાશ્વત ઉપાસનાના ઉપદેશને સાંકળતા આ સંવાદમાં બાળકો દ્વારા અદા કરવામાં આવેલ અભિનય ભક્તિ બેનમૂન હતી.

મુખ્ય વિષય સંલગ્ન કીર્તન પર નૃત્યભક્તિ પણ બાલવૃંદ દ્વારા અદા કરવામાં આવી. સંતો, સત્સંગ અને આદર્શ માતા-પિતાના સંસ્કારોને પરિણામે બાલમાનસ પર અંકિત સંપ, સુહૃદભાવ અને એકતાની અદ્‌ભુત સમજણ પણ બાળકો દ્વારા તેઓની લાક્ષણિક શૈલીમાં વ્યક્ત કરાઈ, જે સહજ પ્રેરણાદાયી હતી. આ પ્રસંગે બાળકો દ્વારા બનાવાયેલ કલાત્મક સ્મૃતિભેટ, શુભેચ્છા કાર્ડ્સ આદિ હૃદયભાવ અર્પણ કરવામાં આવ્યા.

વિશેષ તો, આધુનિક વિજ્ઞાન અને ટૅકનોલૉજીના યુગમાં બાળકો તેના ઉપયોગની સાથે અધ્યાત્મ સાથે જોડાયેલાં રહે તે હેતુથી અનુપમ મિશન દ્વારા તૈયાર કરવામાં આવેલ બાળકો માટેની નૂતન વૅબસાઈટનાં મુક્તાર્પણ સંતભગવંત સાહેબજીના વરદ્ હસ્તે કરવામાં આવ્યાં. આ વૅબસાઈટ પર બાળકોને રસ પડે તેવાં આધ્યાત્મિક સાહિત્ય, ઑડિયો-વિડિયો સંપુટ, જ્ઞાનવર્ધક ગેમ્સ, પ્રેરણાદાયી બાળવાર્તાઓ, પ્રભુ ને ગુણાતીત સ્વરૂપોનાં જીવનચરિત્રો આદિ ઉપલબ્ધ થશે.

સંતભગવંત સાહેબજીએ સૌ પર રૂડા આશીર્વાદની વર્ષા કરી સૌ બાળ ભૂલકાંઓની ભક્તિને પ્રસન્નતાપૂર્વક બિરદાવી, તેઓને તૈયાર કરનાર યૂથ લીડર્સ અને માતા-પિતાઓને ધન્યવાદ પાઠવ્યાં. તેઓ સૌની ભક્તિ વંદનીય હતી. શૂટિંગ લૉકેશન પસંદ કરવાં, બાળકો પાસે સંવાદ બોલાવવા ને તે અનુસાર અભિનય કરાવી રેકોર્ડિંગ કરાવવું, સ્તોત્ર અને કીર્તન ગવડાવવાં, નૃત્ય શીખવવું આદિ સઘળાં સંકલન તેઓએ કર્યાં, તેમાંય સ્થાનિક અંતર ને સમય તફાવત તથા જીવનની વ્યસ્તતામાંથી સમય કાઢીને ભક્તિ અદા કરવાની સૌની ભાવના પર સંતભગવંત સાહેબજી આફ્રા રાજી થયા. સમગ્ર સેવાયજ્ઞમાં અનુપમ મિશનના પ્રકાશન કાર્યાલય-ભક્તિમંદિરના ઑડિયો અને વિડિયો વિભાગના સંતો-સેવકોના અનુપમ સહકાર પ્રાપ્ત થયા. સમગ્ર કાર્યક્રમનું સંકલન ને સંયોજન સાધુ પૂ. સરજુદાસની આગેવાની હેઠળ અનુપમ યોગી બાલવૃંદની ટીમ દ્વારા અપ્રતિમ ભક્તિભાવે કરવામાં આવ્યું, જેને સૌએ બિરદાવ્યું.

*** કૅનેડામાં :** ૨૦ માર્ચ ૨૦૨૨ના રોજ અનુપમ મિશનના કૅનેડા કેન્દ્રમાં સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્ય-ઉમંગની ઉજવણી કરવામાં આવી. ૧૩૫થી વધુ સત્સંગી મુક્તોએ આ પ્રસંગે પધારી, સેવા-ભક્તિ અદા કરી. આ ઉત્સવમાં અમેરિકાથી સાધુ પૂ. જયેશદાસજી અને સાધુ પૂ. નરેન્દ્રદાસજી પધાર્યા. સંતોની સંનિધિમાં યુવાનોએ નૂતન મંદિરે ભેગા મળીને સુંદર ભક્તિઉત્સવ ઊજવ્યો. આ કાર્યક્રમમાં કીર્તન અને નૃત્ય દ્વારા સંતભગવંત સાહેબજીના મહિમાનું વર્ણન કરાયું. યુવા પ્રતિનિધિ સોની અને રિધમ દ્વારા ભગતજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના માહાત્મ્યપૂર્ણ જીવનપ્રસંગોનાં પઠન કરાયાં. મનીષાબહેન ને મહર્ષિભાઈએ માહાત્મ્યગાન કર્યાં અને સંતભગવંત સાહેબજીના ગુણોને વર્ણવ્યા. સાધુ પૂ. નરેન્દ્રદાસજી ને સાધુ પૂ. જયેશદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી. સૌએ ભેગાં મળીને બ્રહ્માનંદ કર્યો. ◆

*** યુ.કે. :** ૨૦ માર્ચ ૨૦૨૨, રવિવારના રોજ સંતભગવંત સાહેબજીના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી અનુપમ મિશન, ડૅન્હમ, યુ.કે.ના મંદિરમાં ખૂબ જ ધામધૂમથી થઈ. 'સંપ-સુહૃદભાવ, એકતા; સાહેબદાદાની પ્રસન્નતા' વિષય પર યોજિત કાર્યક્રમમાં સૌ સંતો ને અક્ષરમુક્તોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો. ઉત્સવનો પ્રારંભ સુંદર શોભાયાત્રા દ્વારા કરવામાં આવ્યો. બાલિકાઓએ માથા ઉપર કળશ લીધા ને યુવતીઓએ સુંદર નૃત્ય દ્વારા શોભાયાત્રાની શરૂઆત કરી. બાળકોએ અનુપમ મિશન અને 'સ્વામિનારાયણ' મંત્રની ધજાઓ ધારણ કરી ને યુવકોએ શ્રી ધામ-ધામી-મુકત અને સાહેબદાદાની મૂર્તિ ધારણ કરી. આ



કૅનેડામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ



ડૅન્હમ, યુ.કે. મંદિરે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

મૂર્તિઓ આસન પર પધરાવીને યુવકોએ પૂજન કર્યાં ને યુવતીઓએ પૂજાની માળાઓને ગૂંથીને તેનો હાર બનાવીને અર્પણ કર્યો. સભામાં સાધુ પૂ. જયેન્દ્રદાસ, સાધુ પૂ. કિરણદાસ , સાધુ પૂ. નીલેશદાસ, ધીરુકાકા, હિમ્મતબાપુ નકરાજા, અશ્વિનભાઈ પોપટ, હિતેનભાઈ ધોકિયા, યોગીનભાઈ, જિમ્મીભાઈ, ભાવનાબહેન (વેમાર), આશકા અને હિરવાબહેને અદ્ભુત મહિમાગાન કર્યું. સાધુ પૂ. હિંમતદાસજીએ આશીર્વાદ વરસાવી ઉપાસનાની શુદ્ધ સમજ આપી, સાહેબદાદાના જીવન-માહાત્મ્યની વાતો કરી. આશીર્વાદ બાદ સૌ ભેગાં મળી સમૂહ આરતીમાં જોડાયાં. આજનો મહાપ્રસાદ વૅમ્બલી, કિંગ્સબરી ને ઈસ્ટ-લંડનના ભક્તોએ ભેગા મળીને બનાવ્યો અને ૩૦૦ જેટલા હરિભક્તોને ઉત્સાહથી જમાડી ગુરુહરિ સાહેબદાદાના અંતરનો રાજીપો પ્રાપ્ત કર્યો. ◆

*** ઍલનટાઉન, યુ.એસ.એ. :** અનુપમ મિશન ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરે સંતભગવંત સાહેબદાદાના ૮૩મા પ્રાગટ્યપર્વની ઉજવણી ભક્તિભાવ સાથે સંપન્ન થઈ. સાહેબદાદાના સ્વાગત માટે ભવ્ય રથ શણગારવામાં આવ્યો. અત્યંત હર્ષોલ્લાસ સાથે નાનાં બાળકોએ એકસરખાં વસ્ત્રોમાં સજ્જ થઈ નૃત્યભક્તિ દ્વારા સભામાં સાહેબદાદાનાં સ્વાગત કર્યાં. ત્યારબાદ સંતો-ભક્તો દ્વારા સાહેબદાદાનાં મહિમા-દર્શન પ્રસ્તુત થયાં. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, ગિરીશભાઈ, સોનલબા, મૂકેશભાઈ કઢીવાલાએ સાહેબદાદાના મહિમાની અદ્ભુત વાતો કરી.

બાળસભાનાં નાનાં બાળકોએ 'સાહેબદાદા વી લવ યૂ...' ભજનનાં ભાવસભર ગાન કરી હાં હાં ગડથલરૂપી ભક્તિ અર્પણ કરી. સાહેબદાદાના સંતો, ભક્તો, સંબંધીઓનો મહિમા એ સાહેબદાદાનો જ મહિમા છે, તે ભાવથી વિશ્વમ, અપૂર્વમ, અગમે મહિમાદર્શન કરાવ્યું. કૃષ્ણએ સુંદર બર્થડે કાર્ડ અર્પણ કર્યું. યુવતીઓએ ખૂબ ઉત્સાહ-ઉમંગથી 'હેલી આવી આનંદની આજ...' કીર્તન પર ભાવસભર નૃત્યભક્તિ અર્પણ કરી. કિશોર-કિશોરીઓએ હાથમાં કૅન્ડલ સાથે 'આંખલડીના હે રતન મારા રુદિયાની ધડકન...' પ્રાર્થના-કીર્તન પ્રસ્તુત કર્યું. આમ સૌ યુવાનોએ પોતાની આવડત, શક્તિ અને હોશિયારીથી સાહેબદાદાને રાજી કરવાના ભાવ ધર્યા. ડૉ. જિતુભાઈએ સૌ યુવાનોને બિરદાવ્યા. વિષ્ણુદાદાએ આશીર્વાદ વરસાવ્યા. સાધુ પૂ. જયેશદાસજીએ આ ઉત્સવમાં હાજરી આપવા બદલ સૌનો આભાર માન્યો. વિશેષ ઑડિયો-વિડિયો, સાંસ્કૃતિક કાર્યક્રમ, સુશોભનની ટીમ અને યોગીપ્રસાદનાં બહેનોનો આભાર વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતભાઈએ (ન્યૂજર્સી) ખૂબ સુંદર રીતે કર્યું. યોગીપ્રસાદનાં બહેનોએ ભેગાં મળી સૌ હરિભક્તોને પ્રસાદ જમાડવા જાતજાતની વાનગીઓ તૈયાર કરી અને સાહેબદાદાને પ્રિય એવા 'આજ્ઞા', 'ઉપાસના', 'પ્રીતિ', 'સુહૃદભાવ' નામના વિવિધ ફૂડ સ્ટૉલનું નિર્માણ કરવામાં આવ્યું. ◆

## અક્ષરપુરુષોત્તમ મંદિર, સાઠંબાનો ૧૫મો પાટોત્સવ

૧૫ માર્ચ ૨૦૨૨ના રોજ અક્ષરપુરુષોત્તમ મંદિર, સાઠંબાનો ૧૫મો પાટોત્સવ સદ્ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સાધુઓ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીશદાસ, પૂ. અરવિંદદાસ, પૂ. નરેન્દ્રદાસ, પૂ. તુષારદાસની ઉપસ્થિતિમાં યોજાયો. પૂ. તુષારદાસે પાટોત્સવવિધિ કરાવી અને સ્થાનિક ભક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા. પ્રજ્ઞેશભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યું. સાધુઓ પૂ. નરેન્દ્રદાસ ને પૂ. સતીશદાસે સૌને માર્ગદર્શન ને આધ્યાત્મિક બળ પ્રદાન કર્યાં. સદ્ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ વરસાવી સૌની સેવા-ભક્તિને બિરદાવી. સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીના ફૉન દ્વારા શુભાશિષ પ્રાપ્ત થઈ. મંદિરના સેવક વસંતદાદાએ આભારવિધિ કરી. આશુતોષભાઈએ સભાસંચાલન સંભાળ્યું. આ પ્રસંગે સાઠંબા, બાયડ, ધનસુરા, બોરડીટીંબા, અમદાવાદ, રણજિતપુરા આદિ મંડળોના અક્ષરમુક્તોએ પધારી ભક્તિ અદા કરી. ◆



ઍલનટાઉન, યુ.એસ.એ. મંદિરે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ



અક્ષરપુરુષોત્તમ મંદિર, સાઠંબાનો ૧૫મા પાટોત્સવ પ્રસંગે સંતોના આશીર્વાદ



# ॥ सर्वे सन्तु निरामयाः ॥

## આપણું શ્વસનતંત્ર અને તેની જાળવણી

~ ડૉ. પાર્થિવ મહેતા


*(શ્વસન રોગ અને ક્રિટિકલ કૅર નિષ્ણાત, પલ્મનોલૉજિસ્ટ, અમદાવાદ)*

**શ્રીજી–સ્વામીના તત્ત્વને ધારક એવા પ્રગટ સત્પુરુષ, જે આપણને સંતભગવંત સાહેબજી રૂપે પ્રાપ્ત થયા છે, તેઓ અખંડ આપણા આધ્યાત્મિક કલ્યાણ સહિત સેવાભક્તિ કરવા જરૂરી એવા તનની સ્વસ્થતા માટે પણ વિચારવંત છે, આશિષ અર્પે છે. કોરોનાકાળમાં જયારે સ્વાસ્થ્ય અંગે સૌ વધુ જાગ્રત થયાં ત્યારે અનુપમ મિશન પરિવારના સૌ અક્ષરમુકતો પણ ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકે અને જાળવી શકે તે હેતુથી 'બ્રહ્મનિર્ઝર'ના આ અંકથી આ વિશેષ લેખમાળા શરૂ થઈ રહી છે, જેમાં તબીબી વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોના અનેક નિષ્ણાતો દ્વારા આગામી સમયમાં સુસ્વાસ્થ્ય સંબંધિત માર્ગદર્શન પ્રાપ્ત કરાવાશે.**

**ત્યારે ગુરુહરિ સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને અનંત વંદન !**

**આ અંકમાં ગુજરાતના ખ્યાતનામ અનુભવી વિશેષજ્ઞ દાકતર આદરણીય પૂ.પાર્થિવભાઈ મહેતા દ્વારા શ્વસનતંત્રને લગતા રોગો અને ધ્યાનમાં લેવા યોગ્ય બાબતો અંગે વિશિષ્ટ માર્ગદર્શન પ્રાપ્ત કરાવવામાં આવ્યું છે. પૂ. ડૉ. પાર્થિવભાઈ અમદાવાદ સ્થિત 'સેન્ટ્રલ યુનાઈટેડ હૉસ્પિટલ'ના માધ્યમથી અસંખ્ય પીડિતોની સફળ સારવાર કરી રહ્યા છે ને સાથે સાથે અનુપમ મિશન પરિવારના અનેક સંતો–અક્ષરમુકતોની દાકતરી સેવાઓ ભક્તિભાવથી બજાવે છે. તેઓને પણ અનંત વંદન સહ ધન્યભાવ !**

**ભગવાન** દ્વારા કરવામાં આવેલ આપણા શરીરની રચના અદ્‌ભુત છે ! દરેક અંગ પોતાની રીતે કાર્ય કરવા માટે સક્ષમ છે અને સાથે સાથે એકબીજાં અંગોનો સુમેળ પણ જાળવી શકે છે. આપણાં આવાં અંગોમાં જે ૨૪ કલાક વાતાવરણના સંપર્કમાં રહે છે, ધૂળ–ધુમાડો, રજકણ–કચરો, પ્રદૂષિત હવા – કૅમિકલ – ગેસ – વગેરેને સહન કરીને આપણા શરીરને ચલાવવા માટે અનિવાર્ય એવો પ્રાણવાયુ – ઑક્સિજન પૂરો પાડે છે, તે છે શ્વસનતંત્ર. આ શ્વસનતંત્ર એટલે કે નાકથી શરૂ થઈ છાતીના પીંજરામાં રહેલાં ફેફસાંથી બનેલું તંત્ર.




આપણાં ફેફસાં વિશે વધુ વાત કરીએ. ફેફસાં અબજોથી વધુ સંખ્યામાં રહેલા હવાથી ભરેલા કોષનો જથ્થો છે. આ કોષ ઊંડાણમાં એકબીજા સાથે ખૂબ બારીક નળીઓથી જોડાયેલા છે. આ નળીઓ આગળ જતાં મોટી બનતી જાય છે અને અંતે બંને બાજુનાં ફેફસાંની મુખ્ય નળી એકબીજા સાથે જોડાઈને ગળામાં મુખ્ય શ્વાસનળીથી જોડાઈને શ્વસનતંત્રની રચના કરે છે. આ નળીઓ ફૂલી– સંકોચાઈ શકે છે – જેના કારણે જરૂરિયાત મુજબ વધુ હવાનો જથ્થો ફેફસાંમાં સહેલાઈથી આવી શકે છે. આશ્ચર્યની વાત એ છે કે, બંને ફેફસાં; કે જેને સપાટ કરીને કોષ એકબીજા સાથે જોડવામાં આવે તો એક ટૅનિસના મેદાન જેટલો વિસ્તાર થાય એટલા હોવા છતાં; જાતે ફૂલી–સંકોચાઈ શકતાં નથી! ફેફસાં રબ્બરના સ્થિતિસ્થાપક ફુગ્ગા જેવાં હોય છે. દરેક શ્વાસ સાથે ૬૦૦થી ૭૫૦ ગ્રામ સુધીની હવા નાક વાટે ફેફસાંમાં પહોંચે છે અને મિનિટમાં ૧૪–૧૬ વખત સુધીમાં શ્વાસ લઈને આપણે ૧૦ લિટર જેટલી હવા દર મિનિટે શ્વાસ વાટે ફેફસાંમાં ખેંચી અને બહાર કાઢીએ છીએ, જેમાં ભગવાને આપેલ ૨૧% પ્રાણવાયુ શોષી અને ઉચ્છ્‌વાસમાં કાર્બન ડાયોક્સાઈડ કાઢીએ છીએ. આ પ્રાણવાયુ ફેફસાંમાંથી હૃદયમાં લોહી વાટે જાય છે. શું ક્યારેય પણ આપણે વિચાર્યું છે કે, દર મિનિટે ૧૦ લિટર હવામાંથી ૨૧ ટકા એટલે કે આશરે ૨ લિટર પ્રાણવાયુ આપણે જે લઈએ છીએ તે કલાકમાં ૧૨૦ લિટર અને ૨૪ કલાકમાં આશરે ૨૮૮૦ લિટર થાય.

જેનું વર્તમાન મૂલ્ય આશરે ૧૫૦ રૂપિયા જેટલું છે. એટલે કે, ભગવાન દરેક વ્યક્તિને રોજ આટલો પ્રાણવાયુ (ઑક્સિજન) મફત આપે છે !

આપણું શ્વસનતંત્ર હવાને ફેફસાંમાં લઈ જતાં પહેલાં નાક વાટે અંદર ખેંચે છે – તેને ચોખ્ખી કરે છે. એ હવા ઠંડી કે ગરમ હોય તો નાકમાં રહેલા ફિલ્ટર દ્વારા, નાકની અંદર રહેલા પોલાણમાં ભગવાને આપેલી હિટ ઍક્સચેન્જ જેવી રચના દ્વારા તેને શરીર માટે જરૂરી તાપમાને લાવે છે.

હવે સમજાયું ને કે આ અદ્ભુત તંત્ર કેટલું અગત્યનું છે ! તેને જાળવવાનું કાર્ય એ આપણી જવાબદારી બની રહે છે. અને જો તે ન જાળવી શકાય તો સામાન્ય શરદી–ખાંસીથી માંડીને વિવિધ રોગ, જેવા કે, બૅક્ટેરિયા કે વાયરસથી થતા ન્યૂમોનિયા કે ટી.બી. અથવા કેન્સર સુધીના રોગ થઈ શકે છે. ફેફસાં ઉપર શરીરનાં અન્ય અંગોના રોગોની પણ અસર થઈ શકે છે. કિડની બગડવાથી લોહીમાં એસિડ વધી જાય તો ફેફસાં ઝડપથી શ્વાસોશ્વાસ લઈને વધુ માત્રામાં કાર્બન ડાયોક્સાઇડ કાઢીને એસિડ ઓછો કરવામાં મદદ કરે છે – એટલે કે હાંફ ચડે. જો વધુ તાવ હોય, તો ફેફસાં વધુ શ્વાસોશ્વાસથી શરીરનું તાપમાન ઓછું કરવામાં પણ મદદ કરે છે. જો હૃદયનું પંપિંગ હૃદયરોગના હુમલાથી ઓછું થયું હોય તો ફેફસાંમાંથી હૃદયમાં જતા લોહીનો પ્રવાહ ઓછો થવાથી હાંફ ચઢી શકે છે. એવી જ રીતે છાતીના પીંજરામાં કે પેટમાં ઈજા થવાથી પાંસળી કે સ્નાયુના કાર્યમાં અડચણ થાય કે વધુ પડતું લોહી વહી જાય તો પણ શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે ! આમ, જેને આપણે ફેફસાંના કારણે થતો શ્વાસ કે દમ સમજતા હોઈએ છીએ એ ઘણી વખતે કોઈ અન્ય અંગના રોગના કારણે ફેફસાંને વધારાનું કામ કરવું પડ્યું પણ હોઈ શકે છે. એટલે કે ફેફસાં અન્ય અંગના કામનો ભાર ઉપાડી આપણા શરીરને ટેકો આપતાં હોય છે – નહિ કે પોતે માંદાં થયાં છે !

હવે આપણે જાણીશું આપણા શ્વસનતંત્રને વધુ સારી રીતે કામ કરતું જાળવી રાખવાની ચાવીઓ :




**૧. કસરત :**

આપણા શ્વસનતંત્રના સ્નાયુઓ – નાક, ગળાના સ્નાયુ, છાતીનું પીંજરું, ઉદરપટલને મજબૂત કરવા માટેની કસરત નિયમિત કરવી જોઈએ. ખાસ કરીને ઢળતી ઉંમરે જ્યારે અન્ય અંગોમાં ઉંમરથી થતાં રોગ –બ્લડપ્રેશર, ડાયાબિટીસ, સાંધાનો દુખાવો, મેદસ્વીપણું વગેરે આવે ત્યારે ફેફસાંને વધુ કાર્ય કરવું પડે છે, તેથી જેટલાં વધુ મજબૂત ફેફસાં તેટલું વધુ સારું શરીર.

* ઝડપી શ્વાસોશ્વાસની ક્રિયા
* ઊંડા શ્વાસની ક્રિયા –ફુગ્ગા ફુલાવવાની ક્રિયા
* ઊંડો શ્વાસ લઈ – છોડવાની ક્રિયા
* સ્નાયુઓની કસરત
* યોગ – પ્રાણાયામ
* તરવું વગેરે શ્વસનતંત્રને મજબૂત રહેવામાં મદદ કરે છે.

**૨. ધૂળ, ધુમાડો, રજકણ, કચરા વગેરેથી દૂર રહેવાનો પ્રયત્ન :**

* બને તેટલો કચરો – ધુમાડો ઓછો થાય તેની કાળજી રાખવી
* પ્રદૂષિત હવામાં જતાં પહેલાં નાક આડે રૂમાલ – કપડું બાંધવું. (શક્ય હોય તો ભીનું કરવું.)
* કચરો સાફ કરવામાં સાદી સાવરણીની જગ્યાએ ભીનું પોતું વાપરવું.
* ખેતરમાં, કામની જગ્યાએ સતત ધૂળ–ધુમાડો રહેતાં હોય તો નિયમિત સમયાંતરે બહાર નીકળી થોડો સમય શ્વસનતંત્રને રાહત આપવી.



* રસોડામાં ઍક્ઝૉસ્ટ ફૅન અથવા ચીમની લગાવવી અને સતત ચાલુ રાખવી. જાણીને આશ્ચર્ય થશે કે, આપણે જે પેટ્રોલ કાર કે સ્કૂટરમાં વાપરીએ છીએ તે જ પ્રકારનો એલ.પી.જી. ગેસ આપણે ઘરમાં વાપરીએ છીએ. પણ તેનો ધુમાડો દેખાતો નથી કે વાસ આવતી નથી એટલા માટે આપણે તેના પ્રત્યે ધ્યાન નથી આપતા. રસોડામાં આશરે એક કલાક રહેવાથી આશરે ૧૦ સિગારેટનો ધુમાડો બહેનોનાં ફેફસાંમાં જાય છે !

**૩. શ્વસનતંત્રને સાફ રાખવાના પ્રયત્ન :**

* નાક, ગળું હૂંફાળા પાણીથી નિયમિત સાફ કરવાં.
* ગરમ પાણીથી નાસ કે નેતિ ક્રિયા કરવી.
* હૂંફાળું પાણી નિયમિત પીવું.

**૪. શ્વસનતંત્રને ચેપ ન લાગે તેના પ્રયત્ન :**

* ખૂબ ઠંડા પદાર્થ – ઠંડાં પીણાં – આઈસ્ક્રીમ – ઠંડી મીઠાઈ લેવાથી બૅક્ટેરિયા કે વાઈરસના ચેપ ગળામાં લાગવાની શક્યતાઓ વધતી જાય છે. જેમને વારંવાર ચેપ લાગતો હોય તેમણે બને ત્યાં સુધી ઠંડા પદાર્થો – પીણાં ન લેવાં અથવા લીધા પછી તરત ગળું સાફ કરવું.
* શરદી-ખાંસી હોય તો, છીંક આવે કે ખાંસી કરતાં નાક-મોં આડે કપડું રાખવાથી અન્યને ચેપ ના લાગે.
* જેમને શરદી-ખાંસી-કફ-ગળફા હોય તેમની સીધા સામે ન બેસવું. શરદી-ખાંસી કરનાર વ્યક્તિ તેની સામે બેઠેલા છ ફૂટ અંતર સુધીના લોકો ઉપર વાયરસ-બૅક્ટેરિયા ફેંકે છે.

**૫. શ્વસનતંત્રના ચેપમાંથી તાત્કાલિક રાહત થાય તે માટે પ્રયત્ન :**

* જો ચેપ લાગે તો શરદી-ખાંસી-ગળફા-તાવ-શ્વાસ ચડવો વગેરે ચિહ્નો જોવા મળે છે ત્યારે તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરીને યોગ્ય નિદાન કરાવવું જરૂરી બને છે. જેના માટે લોહી કે ગળફાની તપાસ કે એક્સ-રે કરાવવો જરૂરી હોઈ શકે છે. આ ઉપરાંત, ડૉક્ટરને જરૂરી લાગેતો અન્ય તપાસ કરાવવી – જેમાં સીટી સ્કેન, પલ્મોનરી ફંકશન ટેસ્ટ (પી.એફ.ટી.), બ્રોન્કોસ્કોપી, બાયોપ્સી વગેરેનો સમાવેશ થઈ શકે છે. ઘણી વખત આપણે પહેલાં જાણ્યું એમ, જો ડૉક્ટરને એવું જણાય કે અન્ય કોઈ અંગના લીધે અથવા અન્ય અંગની તકલીફ પણ સાથે જણાય છે તો તેને લગતી તપાસ પણ જરૂરી બને છે.
* તપાસના અંતે નિદાન મુજબની સારવાર જરૂરી દિવસો માટે લેવી જ જોઈએ. એક-બે દિવસમાં રાહત થઈ જાય તો ઘણા લોકો દવાઓ બંધ કરી દે છે. આવા સંજોગોમાં ચેપ થોડા અંશે રહી જાય છે અને તે ફરીથી વધુ ગંભીર હુમલો કરી શકે છે. ખાસ કરીને ટી.બી.ના કિસ્સાઓમાં એવું ખૂબ જોવા મળે છે, જેના કારણે દવાઓથી પણ ન મટી શકે એવો ગંભીર ડ્રગ રેઝિસ્ટન્ટ ટી.બી. ખૂબ વધી રહ્યો છે.

**૬. રોગપ્રતિકારક શક્તિ વધારવાના પ્રયત્ન :**

* સારો તાજો ખોરાક ખાસ કરીન પ્રોટિનયુક્ત – કઠોળ, દૂધ (કે દૂધની બનેલી વસ્તુઓ) વધારામાં લઈ શકાય. ખાસ કરીને દૂધ ગરમ કરીને જ લેવું જોઈએ, જેથી પ્રાણીઓમાંથી આવતા જંતુ – ચેપના રોગ આપણા શરીરમાં પ્રવેશે નહીં.
* વૅક્સિન (રસી) – વાયરસ (ઈન્ફ્લ્યુએન્ઝા), બૅક્ટેરિયા (ન્યૂમોકોકસ) કે ટી.બી.નો ચેપ લાગવાની શક્યતા અને ગંભીરતા ઓછી થાય તેના માટે રોગપ્રતિકારક શક્તિ વધારતી વૅક્સિન ઉપલબ્ધ છે. ટી.બી.ની રસી બાળકોને નિયમિત આપવામાં આવે છે. જ્યારે અન્ય એવી વ્યક્તિઓ કે જેમને ચેપ લાગવાની શક્યતાઓ વધુ છે – જેવા કે મોટી ઉંમરના વ્યક્તિઓ, ઉંમર ઓછી હોય પરંતુ ગંભીર રીતે દમ, ટી.બી., કેન્સર, ડાયાબિટીસ વગેરની બીમારીથી પીડાતા વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ (વાયરસના ચેપ-ન્યૂમોનિયાથી પ્રસૂતિ બગડવાની શક્યતાઓ રહેલી હોય છે) વગેરે. આ રસી લેવા માટે ઈન્જેક્શન લેવું પડે છે. ૨૦૧૯ના વર્ષ પહેલાં આવી રસીઓ પ્રત્યે આપણે જાગૃત નહોતા. પરંતુ કોરોના પછી જાગૃતિ વધી છે અને નિયમિત રીતે અન્ય રસીઓ પણ લેવાનું શરૂ થયું છે. એ કદાચ કોરોનાનો છૂપો આશીર્વાદ જ ગણાય !
* રોગપ્રતિકાર વધારવાની દવાઓ (જેમાં વિવિધ બૅક્ટેરિયા સામે પ્રતિકાર વધારવા માટેની ક્ષમતા રહેલી છે) તે ગોળી સ્વરૂપે હોય છે.

**૭. દર્દી /વ્યક્તિ દીઠ ડૉક્ટરોએ સૂચવેલા ઉપાયો :**

* દરેક વ્યક્તિની શરીર રચના કે તાસીર જુદી હોય છે અને રોગની જરૂરિયાત મુજબ દર્દીઓએ વ્યક્તિગત રીતે જુદી જુદી કાળજી રાખવી જરૂરી બને છે. જેમ કે, દમ, શ્વાસ કે ઍલર્જીથી થતી ખાંસી હોય તો કેળાં, દ્રાક્ષ, નારંગી, પાઈનેપલ, ચીઝ, ચૉકલેટ, સોસ અથવા કૃત્રિમ રંગવાળા ખોરાક વગેરેનું સેવન કરવાથી તકલીફ વધી શકે છે. તેથી ડોક્ટરોએ આપેલ સૂચનોનું પાલન કરવું પણ જરૂરી બને છે.

ભગવાને આપેલ આપણું શરીર એ એક અજોડ અદ્‌ભુત રચના છે. જો કૃત્રિમ રીતે દરેક અંગ બનાવીને શરીર જોડવામાં આવે તો મૂલ્ય આશરે ૧૫૦ કરોડ જેટલું થઈ શકે ! આવા આ અમૂલ્ય શરીરની મફતમાં મળેલી ભેટને આપણે વેડફી ન નાખીએ અને તેને જાળવવા માટે જરૂરી બધાં જ પગલાં લઈએ તે આપણા જ હિતમાં છે. શ્વસનતંત્રને જાળવવા માટે આપણે જાતે જાગૃત થવું જરૂરી છે – જરૂર પડે તે દવા નિયમિત લઈએ, જરૂર પડે તો રસી લઈએ. ખાસ યાદ રાખીએ કે, પર્યાવરણમાં પ્રદૂષણ ઘટાડવાના પ્રયત્નો કરીને આપણે આપણી અને માનવજાતની સાચી સેવા અને રક્ષા કરી શકીશું. ◆



દર્શન ઉર ભરી, વંદન ભાવ ધરી...



ઉપાસના ધામ, વેમાર મંદિરની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજનમાં સાહેબજી અને સંતો










ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, ગણપતિ દેવ અને હનુમાનજી દેવનાં પાટોત્સવ પૂજનમાં રત વ્રતધારી સંતો







શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓને આરતી અર્પણ



પાટોત્સવ પૂજનમાં ભક્તિભાવે જોડાયેલા યજમાનો અને ભક્તો




પાટોત્સવ પર્વે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્પણ



'તને રુદિયામાં રાખવાના ઓરતા' કીર્તનભક્તિ કરનાર શિબિરાર્થી યુવતીઓને શુભાશિષ



'મારા વહાલા સાહેબદાદા' યુવાશિબિરમાં સાહેબજીની ગોદમાં યુવા સંતો



'મારા વહાલા સાહેબદાદા' યુવાશિબિરમાં પ્રફુલ્લમૂર્તિ સાહેબજી !





૨૩ માર્ચ–સાહેબજીના તારીખ મુજબના પ્રાગટ્યદિને સંતોની ભાવવંદના તથા મહિમાદર્શન


**Regd. News Paper / Air Mail / Book Post**

**To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-04-22 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**